RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 242* Date: 29.06.2024 Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાનો ભાજપનો પ્લાન તૈયાર

## એકનાથ શિંદેને નાયબ મુખ્યમંત્રી, ૮ કેબિનેટ અને ૫ રાજ્યમંત્રી સાથે સરકાર બનાવવાની ઓફર



મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્રમાં રાજકીય ખેંચતાણ વચ્ચે હવે આટલા સમયથી મૌન ભાજપ હવે સરકાર બનાવવા એક્શનમાં આવતી હોય એવું લાગી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપે મોટા રાજકીય ફેરફારો કરીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાની તૈયારી કરી લીધી છે. એ સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે આ સપ્તાહના અંત સુધીમાં મહારાષ્ટ્રમાં નવી સરકાર બની જાય એવી શક્યતા છે. મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે દેવેન્દ્ર ફડણવીસના ઘરે બેઠકો પણ શરૂ થઈ ગઈ છે.

ભાજપના એક સિનિયર નેતાએ જણાવ્યું હતું કે મહાવિકાસ આઘાડી પાર્ટીને પાડવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, ભાજપના આ સિનિયર નેતાએ કહ્યું હતું કે જો બધું બરાબર રહેશે તો અમે શનિવારે અથવા રવિવારે નવી સરકારની સ્થાપના થાય એવી આશા રાખી શકીએ છીએ.શિવસેનાના બળવાખોર ધારાસભ્યો ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવશે એવી સંપૂર્ણ શક્યતા છે. તેમાં શિંદેને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવી શકે છે. એ ઉપરાંત શિંદે જૂથના ૮ કેબિનેટ મંત્રી અને ૫ રાજ્યમંત્રીને પણ સરકારમાં સ્થાન મળે એવી શક્યતા છે, જ્યારે ૨૯ કેબિનેટ મંત્રી ભાજપમાંથી બનાવવામાં આવશે.

શિંદે જૂથ સાથે અત્યારે હાલની સરકારના ૮ મંત્રી છે. આ સંજોગોમાં શિંદે જૂથ એ જ મંત્રાલય ઈચ્છશે જે ધારાસભ્યો પાસે પહેલેથી છે, કારણ કે છેલ્લા એક મહિનાથી તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને ઉદ્ધવ સરકારે રોકી દીધા હતા. એકનાથ શિંદે ઈચ્છે છે કે જે અપક્ષ ધારાસભ્યો બળવાખોર જૂથ સાથે આવ્યા છે તેમને બીજેપી તેમના કોટામાંથી મંત્રી બનાવે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મહારાષ્ટ્રમાં એમવીએ સરકાર પાડવા માટે ભાજપ હાઈકમાન્ડના આદેશની રાહ જોવામાં આવી રહી છે. શિવસેનામાં ફૂટ અને ભાજપ અથવા મનસે સાથે જોડાવવા વિશે એક સિનિયર નેતાએ જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ દાવો કર્યો છે કે તેઓ અસલી શિવસેનાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તો ભાજપ અથવા મનસે સાથે જોડાવવાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે જો વિશેષ સત્રમાં બળવાખોર ધારાસભ્યો ના આવવાથી સરકાર પડશે અને નવા મુખ્યમંત્રીની પસંદગી કરાશે તો તેઓ તાત્કાલિક નવા સ્પીકરની ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરી દેશે, જે શિંદેની આગેવાનીવાળા જૂથને અસલી સેના સ્વરૂપે માન્યતા આપશે. નેતાએ કહ્યું હતું કે યોજનાઓનું ફુલપ્રૂફ હોવું જરૂરી છે. તેમણે એમ કહ્યું હતું કે જ્યારે દેવેન્દ્ર ફડણવીસે અજિત પવાર સાથે મળીને વહેલી સવારે શપથ લીધા અને ૨ દિવસમાં સરકાર પડી ગઈ એવી સ્થિતિ તેઓ નથી ઈચ્છતા.

એવી શક્યતાઓ દર્શાવવામાં આવી છે કે આગામી એક-બે દિવસમાં જ એકનાથ શિંદે મુંબઈ પહોંચી શકે છે અને ફ્લોર ટેસ્ટની અપીલ રાજ્યપાલ ભગત સિંહ કોશિયારીને આપી શકે છે. રિપોર્ટ પ્રમાણે, એક અન્ય યોજના એવી પણ છે કે ભાજપ પણ ફ્લોર ટેસ્ટ માટે કોશિયારીને પત્ર સોંપી શકે છે. જો રાજ્યપાલ વિશેષ સત્ર બોલાવશે તો પાર્ટી એ નક્કી કરશે કે બળવાખોર ધારાસભ્યોએ હાજર રહેવું કે નહીં. આ રીતે એમવીએ સરકાર પડવાનું નક્કી થઈ જશે.

ગુવાહાટીની હોટલમાં હાજર શિવસેનાનો બળવાખોર જૂથનાં નેતા એકનાથ શિંદે આજે મીડિયા સમક્ષ આવ્યા હતા. ત્યાં તેમણે કહ્યું હતુ કે અમે શિવસેનામાં જ છીએ. અમે પાર્ટી છોડી નથી. અમે હિન્દુત્વના મુદ્દાને આગળ લઈ જઈ રહ્યા છીએ. શિંદેએ ટૂંક સમયમાં જ મુંબઈ જવાની વાત પણ કરી હતી. ગુવાહાટીમાં ઉપસ્થિત શિવસેનાના બળવાખોર નેતા એકનાથ શિંદેએ પોતાની સાથે ૪૦ ધારાસભ્યો હોવાનો દાવો કર્યો છે.જયારે આદિત્ય ઠાકરેએ દાવો કર્યો કે ૧૫થી ૨૦ બળવાખોર ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. તેમને મને અને શિવસૈનિકને ફોન કરીને ગુવાહાટીથી પરત લાવવાની અપીલ કરી છે. પહેલા સુરત અને પછી ગુવાહાટીમાં તેમની સ્થિતિ કેદીઓ જેવી છે.ભાજપના સૂત્ર પ્રમાણે મહાવિકાસ અઘાડીની સરકાર હવે અલ્પમતમાં છે અને વિધાનસભામાં તે ટુંક સમયમાં સાબિત પણ થઈ જશે અને ભાજપની નવી સરકાર બનશે

### ભાજપ પર પીડીપી અધ્યક્ષના પ્રહારો

## આવી ભ્રષ્ટ્ર સરકાર મારા જીવનમાં કયારેય જોઇ નથી : પીડીપી અધ્યક્ષ મહેબુબા મુફતી

શ્રીનગર,તા.૨૮

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી અધ્યક્ષ મહેબુબા મુફતીએ કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહારો કર્યા છે.પીડીપી અધ્યક્ષ મહેબુબા મુફતીએ કહ્યું કે આ દેશને જવાહરલાલ નહેરૂ,ઈન્દિરા ગાંધી,રાજીવ ગાંધી જેવા નેતાઓએ ખુન પસીનાથી બનાવ્યો હતો જેનો આધાર લોકતંત્ર અને ધર્મનિરપેક્ષતા હતો.ભાજપ તેની વિપરીત ચાલી રહી છે.મેં મારા જીવનમાં આનાથી ભ્રષ્ટ્ર સરકાર જોઇ નથી જે રીતે ભાજપે મધ્યપ્રદેશ,રાજસ્થાન,ગોવા કે મહારાષ્ટ્રમાં ધારાસભ્યોની ખરીદ વેચાણ કરી છે ભ્રષ્ટ્રાચારનું તેનાથી મોટું ઉદાહરણ ઈતિહાસમાં નથી

પીડીપી અધ્યક્ષે જમ્મુ કાશ્મીરના મુદ્દા પર વાત કરતા કહ્યું કે અમારી નોકરીઓ વેચાઇ રહી છે અમારી જમીનને પ્રાથમિકતા આપવામાં આવે છે અને પહેલા સુરક્ષા દળોને આપી દેવામાં આવે છે જમ્મુ એકસ કાશ્મીર એમ્સ સહિત તમામ નાના મોટા કોન્ટ્રાકટ બહારી લોકોને આપવામાં આવી રહ્યાં છે. જમ્મુ કાશ્મીરના લોકોને શક્તિહીન કરવાના તમામ યુક્તિઓ અપનાવવામાં આવી રહી છે મદરેસામાં ઓછા પૈસા પર આધુનિક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે નહીં કે તે હથિયારોની તાલીમ આપે છે સરકારી જમીન પર સ્કુલ પણ કેમ બંધ કરાવવામાં આવી રહ્યાં છે શિક્ષક લાચાર જ જઇ જશે અને આ અમારા બાળકોનો અભ્યાસ છીનવા ઇચ્છે છે.જયારે આતંકવાદ પર બોલતા પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે શોપિયામાં એક સુમોમાં વિસ્ફોટ થયો અને તેમણે ડ્રાઈવર શૌકત અહમદ શેખની ધરપકડ કરી અને તેને હિરાસતમાં અને ૧૦ દિવસો બાદ તેઓ કહે છે કે તે કુપવાડામાં એક અથડામણમાં માર્યો ગયો હતો પરંતુ તે હિરાસતથી ત્યાં કેવી રીતે પહોંચ્યો.મહેબુબા મુફતીએ કહ્યું કે હું યુવાનો અને તેમના વાલીઓને વિનંતી કરૂ છું કે યુવાનોને બંદુક ઉઠાવતા રોકે તે તમને મારી પૈસા કમાય છે આથી હું બંદુક ઉઠાવવાનું બંધ કરાવવાની વિનંતી કરૂ છું આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે હું મૌલવીઓને વિનંતી કરૂ છું કે પંડિતોને આપણા સંસાધન જાહેર કરે આથી તેમના પર અનેક હુમલા થવા જોઇએ નહીં

## શિવસેનાના નેતા સંજય રાઉત આજે ઈડી સમક્ષ હાજર થયા નહીં ,ઈડીએ ફરી સમન્સ પાઠવ્યું

મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ જમીન કૌભાંડના મામલામાં શિવસેના નેતા સંજય રાઉતને સમન્સ પાઠવી પૂછપરછ માટે આજે હાજર થવાનું કહ્યું હતું. પરંતુ શિવસેનાના નેતા અને રાજ્યસભા સાંસદ આજે ઈડી સમક્ષ હાજર ન છતાં તપાસ એજન્સી ઈડીએ રાઉતને નવુ સમન્સ પાઠવ્યું છે. ઈડીએ શિવસેનાના નેતા સંજય રાઉતને ૧ જુલાઈએ પૂછપરછ માટે હાજર થવાનું કહ્યું છે.

ઈડીએ સોમવારે સંજય રાઉતને સમન્સ પાઠવી મંગળવારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. પરંતુ સંજય રાઉત ઈડી સમક્ષ હાજર ન થતાં એજન્સીએ ફરી સમન્સ પાઠવ્યું છે. ઈડીના એક અધિકારીએ જણાવ્યુ કે રાઉત અલીબાગની પોતાની પૂર્વ નિર્ધારિત યાત્રાને કારણે મંગળવારે શહેરમાં નથી અને તેમના વકીલ રજૂ થવા માટે વધુ સમયની માંગ સાથે ૧૧.૧૫ કલાકે તપાસ એજન્સીના કાર્યાલય પહોંચ્યા હતા.

અધિકારી પ્રમાણે વકીલે ઈડીના અધિકારીઓને એક પત્ર સોંપ્યો, જેમાં રાઉતને તપાસ એજન્સી સમક્ષ રજૂ થવા માટે વધારાનો સમય આપવાની વિનંતી કરવામાં આવી હતી. રાઉતે સોમવારે કહ્યું હતું કે તેમના રાજકીય વિરોધની લડાઈ રોકવાના ષડયંત્ર હેઠળ ઈડીએ સમન્સ પાઠવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે મંગળવારે એજન્સી સામે રજૂ થશે નહીં કારણ કે અલીબાગમાં એક બેઠકમાં ભાગ લેવાનો છે.

આ પહેલા ઈડીએ પ્રવીણ રાઉતની ધરપકડ કરી હતી. પ્રવીણ રાઉતને સંજય રાઉતના નજીકના ગણવામાં આવે છે. ઈડીએ પ્રવીણ રાઉત સાથે જોડાયેલી કરોડોની સંપત્તિને પણ અટેચ કરી હતી. ઈડીએ ૧૧ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી હતી. તેમાં પાલઘરમાં પ્રવીણ રાઉત સાથે જોડાયેલી સંપત્તિ આશરે ૯ કરોડની છે. જયારે ૨ કરોડની કિંમતના દાદરમાં ફ્લેટ અને અલીબાગમાં પ્લોટ સંજય રાઉતની પત્ની સાથે જોડાયેલી હોવાનો આરોપ છે.

સંજય રાઉતને નોટિસ બાદ માનવામાં આવી રહ્યું છે કે મહારાષ્ટ્રની રાજનીતિમાં ઈડીની પણ એન્ટ્રી થઈ શકે છે. પહેલા પણ શિવસેના કેન્દ્ર સરકાર પર એજન્સીઓનો ખોટો ઉપયોગ કરવાનો આરોપ લગાવતી રહી છે. તેવામાં સ્પષ્ટ છે કે ફરી તે આ ઘટનાને રાજકીય કાર્યવાહી ગણાવી શકે છે. નોંધનીય છે કે એકનાથ શિંદેના શિવસેના સામે બળવાના એપિસોડમાં સંજય રાઉત સતત બોલી રહ્યાં છે અને બળવાખોર ધારાસભ્યો પર હુમલો કરી રહ્યાં છે. એટલું જ નહીં તેમણે શિવસેનાના બળવાખોરને મુંબઈ આવવા સુધીનો પડકાર પણ ફેંક્યો છે.

દરમિયાન સામે આવ્યું હતું. તપાસ એજન્સીને જાણવા મળ્યું હતું કે પ્રવીણ રાઉતની પત્ની માધુરીએ ૨૦૧૦માં શિવસેના સાંસદ સંજય રાઉતની પત્ની વર્ષાના ૫૫ લખ રૂપિયાની વ્યાજ મુક્ત લોન આપી હતી, જેનો ઉપયોગ મુંબઈના દાદરમાં એક ફ્લેટ ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. ઈડી આ રૂપિયાના સોર્સની તપાસ કરી રહી છે.

## ભારતમાં પાકિસ્તાનના ૪ દૂતાવાસોના ટ્વિટર એકાઉન્ટ બંધ કરી દેવાયા

નવીદિલ્હી,તા.૨૮

ભારતમાં પાકિસ્તાનના ચાર દૂતાવાસોના ટ્વિટર એકાઉન્ટને બંધ કરી દેવામાં આવ્યા છે. આરોપ છે કે આ ટ્વિટર હેન્ડલથી ખોટા સમાચાર અને દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. પાકિસ્તાનના તુર્કી, સંયુક્ત રાષ્ટ્ર, ઈરાન અને મિસ્ત્ર સ્થિત દૂતાવાસોના એકાઉન્ટ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. તો જાણવા મળી રહ્યું છે કે અન્ય ટ્વિટર એકાઉન્ટ પર આ પ્રકારની કાર્યવાહી થઈ શકે છે. પાકિસ્તાન વિદેશ મંત્રાલય તરફથી બે ટ્વીટ કરવામાં આવ્યા, જેમાં ભારતમાં ટ્વિટર દ્વારા ઈરાન, તુર્કી, મિસ્ત્ર અને સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાની દૂતાવાસોના એકાઉન્ટને બંધ કર્યા બાદ તત્લાક પ્રભાવથી તેને શરૂ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનનો દાવો છે કે ઘણા અન્ય એકાઉન્ટને ભારતે બેન કરાવ્યા છે. આ પ્રથમવાર નથી, જ્યારે પાકિસ્તાનના કોઈ ટ્વિટર એકાઉન્ટને બંધ કરવામાં આવ્યાં છે. આ પહેલાં પણ ટ્વિટરે પાકિસ્તાનમાં રાષ્ટ્રીય સાર્વજનીક પ્રસારક રેડિયો પાકિસ્તાનના એકાઉન્ટને બંધ કરી દીધુ હતું. પાકિસ્તાની દૂતાવાસના ટ્વિટર એકાઉન્ટ ભારત વિરુદ્ધ નફરત ભડકાવી રહ્યાં હતા. હાલમાં થયેલા નૂપુર શર્મા વિવાદમાં પણ તેના ટ્વીટ આવ્યા હતા. ભારતે નફરત ફેલાવનાર ઘણા અન્ય એકાઉન્ટ્સને પણ ભારતમાં પ્રતિબંધિત કરાવ્યા છે. આ પહેલાં પાકિસ્તાને ઈસ્લામિક દેશોના સંગઠન ઓઆઈસીના બહાને સંયુક્ત રાષ્ટ્રમાં નૂપુર શર્માના પયગંબર પર આપેલા નિવેદનનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના પર ભારતે વળતો જવાબ આપી પાકિસ્તાનની બોલતી બંધ કરી દીધી હતી. ભારતે કહ્યું કે તે સહિષ્ણુતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે અને તમામ ધર્મોનું સન્માન કરે છે. સાથે ભારત કોઈ ધાર્મિક અપમાનના મુદ્દા પર પોતાના કાયદાના આધારે કામ કરે છે. ભારતે પાકિસ્તાન પર હુમલો કરતા બહારની દુનિયાથી ભેદભાવ પેદા કરવા માટે ઈરાદાપૂર્વક કરવામાં આવી રહેલા વિરોધને નકારી દીધો હતો.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૭૯૩ નવા કેસ

નવીદિલ્હી,તા.૨૮

ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં ૩૦.૯ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૭૯૩ નવા કેસ નોંધાયા છે.આ સમયગાળામાં આ વાયરસને કારણે ૨૭ લોકોના મોત થયા છે. જ્યારે ૯,૪૮૬ લોકો આ વાયરસથી સાજા થયા છે. જેની સાથે દેશમાં કોરોનાને માત આપનારાઓનો આંકડો ૪૨,૭૯૭,૦૯૨ પર પહોંચી ગયો છે. સક્રિય કેસોની સંખ્યા ૯૬,૭૦૦ નોંધાઈ છે. જણાવી દઈએ કે અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના કુલ ૪૩,૪૧૮,૮૩૯ કેસ નોંધાયા છે. સરકારી આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૯,૨૧,૮૧૧ લોકોને રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧,૯૭,૩૧,૪૩,૧૯૬ રસી આપવામાં આવી છે.

સોમવારે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ચેપના ૨,૩૬૯ નવા કેસ નોંધાયા છે અને પાંચ દર્દીઓના મોત થયા છે. આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું કે ચેપને કારણે મૃત્યુના તમામ કેસ મુંબઈથી આવ્યા છે. તેમણે કહ્યું કે રાજ્યમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા હવે વધીને ૭૯,૬૫,૦૩૫ થઈ ગઈ છે અને મૃત્યુઆંક ૧,૪૭,૯૧૦ પર પહોંચી ગયો છે.

સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં કોરોના વાયરસના ચેપના ૬૨૮ નવા કેસ જોવા મળ્યા હતા અને દૈનિક ચેપ દર ૮.૦૬ ટકા નોંધાયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા શેર કરવામાં આવેલા ડેટામાં આ માહિતી આપવામાં આવી છે. દિલ્હીમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧૯,૩૨,૦૨૬ થઈ ગઈ છે, જ્યારે મૃતકોની સંખ્યા વધીને ૨૬,૨૫૬ થઈ ગઈ છે.

## ડિજિટલ શિક્ષણના મામલે દેશની શાળાઓ પાછળ, શિક્ષણ મંત્રાલયના સર્વેમાં ખુલાસો

નવીદિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોના વાયરસની મહામારી શરૂ થતાંની સાથે જ. તે સમયે, દેશના ૬૧ ટકા જિલ્લાઓમાં રહેતા વિદ્યાર્થીઓને ડિજિટલ લર્નિંગ વિશે ઓછું જ્ઞાન હતું. વાસ્તવમાં, આ શાળાઓમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ સુવિધાઓ અને ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવા માટે પ્રશિક્ષિત શિક્ષકોની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે હતું.શિક્ષણ મંત્રાલયના રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

અહેવાલ મુજબ, ૨૦૧૯-૨૦ માટે ડિસ્ટ્રિક્ટ્સ માટે પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ દર્શાવે છે કે, દેશભરની શાળાઓએ ડિજિટલ લર્નિંગની શ્રેણી હેઠળ ખરાબ પ્રદર્શન કર્યું છે. આ ઈન્ડેક્સ બનાવતી વખતે ધ્યાનમાં લેવામાં આવેલા અન્ય પરિમાણોની તુલનામાં આ શ્રેણીની શાળાઓએ સૌથી ઓછો સ્કોર મેળવ્યો છે. ઈન્ડેક્સમાં ૧૮૦ જિલ્લાઓએ ડિજિટલ લર્નિંગ કેટેગરીમાં ૧૦ ટકાથી ઓછો સ્કોર મેળવ્યો છે. ૧૪૬ જિલ્લા એવા હતા કે જેમણે ૧૧ થી ૨૦ ટકા વચ્ચે સ્કોર કર્યો હતો. જ્યારે ૧૨૫ જિલ્લાઓએ ૨૧ થી ૩૦ ટકાની વચ્ચે સ્કોર કર્યો છે. શિક્ષણ મંત્રાલયના આ રિપોર્ટ પરથી ડિજિટલ લર્નિંગના ક્ષેત્રમાં ગ્રામીણ-શહેરી વિભાજન પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે, ચંદીગઢ અને દિલ્હી જેવા શહેરોના જિલ્લાઓએ ૫૦ માંથી ૨૫ અને ૩૫ની વચ્ચે સ્કોર કર્યો છે. બીજી તરફ બિહારના અરરિયા અને કિશનગંજ જેવા જિલ્લાઓએ ૨ કરતા ઓછો સ્કોર કર્યો છે. આસામના દક્ષિણ સલમારા-માનકાચર અને ત્રિપુરાના ધલાઈ જેવા પછાત જિલ્લાઓએ ૫૦ માંથી ૧ અંક મેળવ્યા છે. કોમ્પ્યુટર/લેપટોપ ધરાવતી શાળાઓની સંખ્યા, ઈન્ટરનેટ સુવિધા, વિદ્યાર્થી-કોમ્પ્યુટર ગુણોત્તર અને કોમ્પ્યુટર દ્વારા શીખવવા માટે પ્રશિક્ષિત શિક્ષકોની ટકાવારીના આધારે ડીજીટલ લર્નિંગ પર જિલ્લાવાર કામગીરી તૈયાર કરવામાં આવી હતી.તેનાથી વિપરિત, શિક્ષણ પછીના પરિણામોના સંદર્ભમાં કોઈપણ જિલ્લાએ ૧૦ ટકાથી ઓછો સ્કોર કર્યો નથી. ૧૨ જિલ્લાઓએ ૧૧ થી ૨૦ ટકાની વચ્ચે જયારે ૩૦૯ જિલ્લાઓએ ૫૧ થી ૬૦ ટકાની વચ્ચે સ્કોર કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

## જૂઠ્ઠાણાંની સજા

*હિચકારા ગોધરા કાંડ બાદ થયેલા ગુજરાત રમખાણો મામલે ધરાર જૂઠ્ઠા અને સનસનીખેજ દાવા કરીને અદાલતોને ગુમરાહ કરનારાં તત્ત્વો વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી માત્ર એટલે જ જરૂરી નથી કે સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે, પરંતુ એટલા માટે પણ છે, કારણ કે આ પ્રકારની હરકતોએ એક ઉદ્યોગનું રૂપ લઈ લીધું છે. તેમાં ખુદને સેક્યુલર-લિબરલ ગણાવનારાઓની સાથે તેઓ પણ છે, જેમને અર્બન નક્સલનું બિરૂદ મળેલું છે. તેમાંથી કેટલાય એનજીઓ ચલાવે છે અને તેઓ જે ઉદ્દેશ્યથી દેશ-વિદેશમાંથી ફંડ મેળવી રહ્યા છે, તેનાથી ઠીક વિપરીત કામ કરે છે. એવાં તત્ત્વો ઘણી વાર ન્યાયિક પ્રક્રિયાનો સહારો લઈને વ્યક્તિ વિશેષ કે સંસ્થા વિશેષની છબિ નષ્ટ કરવાનું કામ કરે છે. ગુજરાત રમખાણ મામલે આવું જ કરવામાં આવ્યું. હાલમાં જ આ રમખાણોના મામલે રચાયેલ એસઆઈટીના રિપોર્ટને યોગ્ય ઠેરવતાં સુપ્રીમ કોર્ટે જે ટિપ્પણી કરી કે જ્યાં કથિત સામાજિક કાર્યકર્તા તીસ્તા સેતલવાડે અરજીકર્તા ઝાકિયા જાફરીનું ભાવનાત્મક શોષણ કર્યું, ત્યાં જ પોલીસ અધિકારીઓ - સંજીવ ભટ્ટ અને આરબી શ્રીકુમારે તત્કાલીન મુખ્યમંત્રીને બદનામ કરવા માટે જૂઠ્ઠા દાવા કર્યા, તેને ગંભીરતાથી લેવાની જરૂરિયાત છે. એટલા માટે કે લોકતાંત્રિક રીતભાતનો ઉપયોગ કરીને લોકતંત્રને જ કમજોર કરવાની પ્રવૃત્તિ વધતી જાય છે. જો એવા લોકો પર લગામ નહીં લાગે તો આ સિલસિલો અટકવાનો નથી, જે અંતર્ગત મનઘડંત આરોપોના બહાને જનતાને ભરમાવવામાં આવે છે અને ક્યારેક અદાલતોનો વાંરવાર દરવાજો ખટખટાવવામાં આવે છે. એવું ગુજરાત રમખાણો સાથે અન્ય અનેક કેસમાં પણ કરવામાં આવ્યું.*

*કેટલાક કેસ તો એવા છે, જેમાં આતંકીઓને નિર્દોષ સાબિત કરવા સુધીની કોશિશ કરવામાં આવી. આખરે કોણ ભૂલી શકે છે કે કઈ રીતે લશ્કરની આતંકી ઈશરત જહાંને નિર્દોષ યુવતી ગણાવવા અને મુંબઈ બોમ્બ વિસ્ફોટોના ગુનેગાર યાકૂબ મેમણને ફાંસીની સજાથી બચાવવાની ભરપૂર કોશિશો કરવામાં આવી? આ પ્રકારનું બદદાનતી અભિયાન એ પણ હતું, જે અંતર્ગત જસ્ટિસ લોયાના સ્વાભાવિક મોતને હત્યા તરીકે ચીતરવાનો કુત્સિત પ્રયાસ કરવામાં આવ્યો. એ કોઈથી છૂપું નથી કે આ પ્રકારના પ્રયાસોમાં મીડિયાના એક હિસ્સાની પણ ભાગીદારી રહે છે. જો ગુજરાત રમખાણો પર સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ કામ કરનારા વિશેષ તપાસ દળના રિપોર્ટને ખોટો સાબિત કરવાનું અભિયાન ૧૬ વર્ષ સુધી ચાલુ રહ્યું તે એટલા માટે કે તેની પાછળ આખી એક ટોળકી હતી, જે કોઈ ગેંગની જેમ કામ કરતી હતી. એ સમયની માંગ છે કે કપટ અને જૂઠ્ઠાણાના આ ધંધામાં સામેલ તત્ત્વોને બેનકાબ કરવાની સાથે જ આકરી સજા પણ ફટકારવામાં આવે.*

# ગુરૂ વચનામૃત - સેવા સુમિરણ સત્સંગ સંતોનાં આભૂષણો છે.




ભગવાનની સેવા માનવની સેવા વિના સંભવ નથી.માનવ સેવા જ પરમાત્માની સેવા છે. સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો.સેવા કાર્યમાં જ્યારે અહમ્ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ અને આનંદ મળતાં નથી.જો અમારી ભક્તિ પૂજા પાઠ સુધી સિમિત ના હોય તો ચોક્કસ અમે અમારૂં માનવીય સ્વરૂપ જોઇ શક્યા હોત.માનવ પૂજા તો ભગવાનની કરે છે પરંતુ તેમના આદર્શ માનતા નથી.ભગવાન શ્રી રામ શબરીના આશ્રમમાં સામેથી ગયા પરંતુ આજે અમે જાતિઓની દિવાલ મોટી કરી રહ્યા છીએ.જો માનવ માનવની ગોંદમાં જન્મ લઇને માનવની સેવા ન કરી શકે તો તે ભગવાનની સેવા કેવી રીતે કરી શકવાનો છે..? પરમાત્મા એક જ છે.જ્યારે અમે ભગવાન રામ અને ખુદાને એક જ માનીએ છીએ તો તેમનો પરીવાર અલગ કેવી રીતે હોઇ શકે..? જ્યારે અમે એકને જાણીશું તો જ એકતા સંભવ છે.

મનથી ગુરૂની આજ્ઞા માની સાચી લગનને તન-મન-ધનથી સેવા કરે તે સેવક છે તથા સેવા કરીને પોતાના ગુરૂને રીઝવવા,ગુરૂ સાથે પ્રેમ નિભાવવો એ સેવકનું કામ છે.પરમાત્માનું જ્ઞાન થયા પછી સેવા સુમિરણ સત્સંગ આ ત્રણ કર્મ કરવાના છે,આ ત્રણેને અપનાવવાથી જીવનમાં અનંત સદગુણો આવી જાય છે.ભક્તિમાર્ગમાં સેવા સુમિરણ સત્સંગમાંથી એકપણ દૂર થઇ જાય તો આનંદની અનુભૂતિથી દૂર થઇ જવાય છે.સુમિરણ દાનવને માનવ તથા માનવને દેવત્વની તરફ લઇ જાય છે.ગુરૂ પાસેથી પ્રાપ્?ત ઈશારા બાદ રત્નાકર ડાકુ સુમિરણના પ્રભાવથી મહાન સંત વાલ્મિકી બની ગયા.

સત્સંગ વિના વિવેક બુદ્ધિ પ્રાપ્?ત થતી નથી કારણ કે સત્ય અને અસત્યનો નિર્ણય સંત જ કરાવે છે. સમજદાર જ્ઞાની ભક્તો મહાપુરૂષોની સંગત કરી સેવા સુમિરણ સત્સંગ કરી પોતાનો ઉધ્ધાર કરે છે તથા તેમને જે કંઇ પ્રેમની દૌલત મળી હોય છે તે બીજાઓને વહેંચી,માર્ગ ભૂલેલાઓને, જીવનયાત્રાના અંજાન લોકોને સદમાર્ગ ઉપર લાવી પરોપકારનું કાર્ય કરે છે.સેવા સુમિરણ સત્સંગ સંતોનાં આભૂષણો છે જેનાથી તેમની શોભા વધે છે.

બ્રહ્મવેત્તા સદગુરૂની ઓળખાણ,નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ પ્રાપ્?ત કરવો,સદગુરૂ પરમાત્માની ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો,સદગુરૂ સમક્ષ પૂર્ણ સમર્પણ કરવું,સદગુરૂની આજ્ઞાનું મન વચન કર્મથી કિંતુ પરંતુ કર્યા વિના પાલન કરવું,સાંસારીક ભોગોની આસક્તિનો ત્યાગ કરવો,માયાનો સકારાત્મક પ્રયોગ તથા લોભનો ત્યાગ નમ્રતા દયા કરૂણા વિશાળતા સહનશીલતા પરોપકાર ઈષ્?ટ ચિન્તન વગેરે સકારાત્મક ગુણો મનમાં વસાવવા,મૃદુવાણી,સત્ય વચન,પરગુણ વર્ણન,પ્રભુ ચર્ચા વગેરે દ્વારા સકારાત્મક કાર્ય કરવાં,સેવા સુમિરણ સત્સંગ દ્વારા ઈન્દ્રિયોનું સંતુલન..આ ભક્તિમાર્ગની પગદંડીઓ છે.

સત્સંગ એ મનનો ખોરાક છે તેના વિના મનમાં કમજોરી આવી જાય છે એટલે આત્મિક શક્તિના માટે સત્સંગ જરૂરી છે.ઈશ્વરે અમોને મનુષ્?ય જન્મ પ્રભુ ભક્તિના માટે જ આપ્?યો છે પરંતુ અમો આ સંસારમાં આવીને અહીના સાંસારીક કાર્યોમાં પોતાને એટલા બધા લીન કરી બેઠા છીએ કે જીવનના વાસ્તવિક ઉદેશ્ય સેવા સુમિરણ સત્સંગ ભજનના માધ્યમથી ઈશ્વરની પ્રાપ્?તિ કરવાનું ભુલી ગયા છીએ.

સત્સંગ વિના વિવેક આવતો નથી અને રામની કૃપા વિના સત્સંગ સહેલાઈથી મળતો નથી.દુષ્ટો પણ સત્સંગ પામીને સુધરી જાય છે.બુદ્ધિની જડતા દૂર કરવા, વિવેક ઉત્પન્ન કરવા,જીવનમાં સુખ-શાંતિ આનંદ પ્રાપ્તિ કરવા માટે,જીવનના લક્ષ્યની પ્રાપ્તિ કરવા,પ્રભુ દર્શન કરવા,સંસારમાંની વેર ઈર્ષ્યા દ્વેષ ઘૃણાને દૂર કરવા અને તેની જગ્યાએ અહિંસા એકતા ભાતૃભાવ પ્રેમ ઉત્પન્ન કરવા સત્સંગ પરમ આવશ્યક છે.સત્સંગથી જ મનનો મેલ દૂર થાય છે.મનમાં જથ્થાબંધ થઇ રહેલા સંશય તથા ભ્રમોનો સમુદાય સદગુરૂના સત્સંગથી નષ્ટ થઇ જાય છે, સંતોના દર્શનમાત્રથી સૌ પાપો નષ્ટ થઇ જાય છે.મહાભાગ્ય હોય તો જ સત્સંગ પ્રાપ્ત થતો હોય છે.જેના પ્રતાપે પરીશ્રમ વિના જ સંસારના ફેરા ટળી જાય છે.સંતજનોનો સંગ મોક્ષના માર્ગરૂપ છે અને કામીનો સંગ સંસારમાં બાંધનાર છે.

સેવા,સુમિરણ,સત્સંગમાં સૌથી મોટું વિઘ્ન તન-મન-ધનનું મિથ્યા આકર્ષણ છે.તન મન ધનનું અભિમાન ના રહે તો ભક્ત સરળ ભાવથી ભક્તિ પથ ઉપર આગળ વધે છે.બાળ સુલભ સરળતા ભક્તિની વાસ્તવિક શક્તિ છે.સત્સંગમાં મનુષ્?યને પોતાની ભૂલોનું જ્ઞાન થાય છે.

સત્સંગનો અર્થ છે સત્યનો સંગ..સત્ય સ્વરૂપ પરમાત્માની સાથે સંગ કરવો.દરેક ક્ષેત્રમાં પ્રભુકૃપાની આવશ્યકતા છે જે સત્સંગ દ્વારા જ પ્રાપ્ત થાય છે.સત્ય બ્રહ્મ (પરમાત્મા)ના પ્રત્યક્ષ દર્શન કરીને જ્યારે જ્ઞાનચર્ચા કરવામાં આવે તે જ સત્સંગ છે.સત્સંગ એ અંતિમ લક્ષ્ય છે.જેના માટે સત્ય પરમાત્માનું જ્ઞાન પરમ આવશ્યક છે.કુસંગનો સર્વથા ત્યાગ કરવો.ક્ષણભરના કુસંગથી મનમાં સૂતેલા શૈતાન જાગી જશે તો શું દશા થશે? સંસારમાં પ્રત્યેક વ્યક્તિ સુખ-શાંતિ-આનંદ ઈચ્છે છે.આ સુખ શાંતિ અને આનંદ વિષયોમાં નથી અને જો છે તો ક્ષણિક છે.સ્થાઈ સુખ-શાંતિ ફક્ત સત્સંગમાં જ છે.થોડા સમયનો સત્સંગ પણ લાભકારી હોય છે.સત્સંગના સમાન દુનિયામાં કોઇ સુખ નથી.જો એક ત્રાજવામાં સત્સંગરૂપી વચનામૃત અને બીજા ત્રાજવામાં સંસારના તમામ સાંસારીક-શારીરિક સુખ તો પણ સત્સંગનું ત્રાજવું ભારે જ રહે છે.

(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી નિરંકારી

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## આજે પહેલું જૂથ અમરનાથ રવાના થશે

જમ્મુ,તા.૨૮

કોરોનાના કારણે બે વર્ષના અંતરાલ બાદ આ વર્ષે બર્ફાની બાબા અમરનાથની યાત્રા કરવા શ્રદ્ધાળુઓ જમ્મુ પહોંચવા લાગ્યા છે, જયાંથી તેઓ આવતીકાલે અમરનાથ જવા રવાના થશે. અમરનાથ યાત્રા માટે જે લોકો સમયસર રજીસ્ટ્રેશન નથી કરાવી શકયા તેમના માટે તત્કાલ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરાઈ છે. શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ એ છેક અનેક દિવ્યાંગ શ્રદ્ધાળુઓ પણ આ કઠોર યાત્રા કરવા પહોંચ્યા છે. ્ત્રાળુઓનું પ્રથમ જૂથ આવતીકાલે બાલ ટાલ અને પહેલગામથી અમરનાથ જવા રવાના થશે. જમ્મુમાં યાત્રી નિવાસ મુખ્ય આધાર શિબિર છે, જયાં પ્રશાસન તરફથી શ્રદ્ધાળુઓ માટે રોકાવાની વ્યવસ્થા છે. સુરક્ષાની દૃષ્ટિએ આ વખતે શ્રદ્ધાળુઓને રાત્રે બહાર જવાની અનુમતી નથી અપાઈ,

એટલે લંગર (ભોજન)ની વ્યવસ્થા યાત્રી નિવાસની અંદર જ કરાઈ છે. જે લોકો સમયસર રજીસ્ટ્રેશન નથી કરાવી શકયા તેઓ માટે તત્કાલ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરાઈ છે. તેઓ જમ્મુ જઈને તત્કાલ રજીસ્ટ્રેશન કરાવી શકશે. યાત્રા માર્ગમાં સુરક્ષાની સમીક્ષા થશે. શ્રદ્ધાળુઓ જ નહીં, શિબિરમાં તૈનાત અધિકારીઓને પણ રેડીયો ફ્રિવન્સી આઈડેન્ટીફીકેશન ડિવાઈસ આરએફઆઈડી ટેગ અપાશે. જેથી તેઓ સંપર્કમાં રહેશે.

### ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રા પૂર્વે અમદાવાદ પોલીસનું રિયલ ટાઈમ રિહર્સલ

# ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં અમદાવાદ પોલીસનું રિયલ ટાઈમ રિહર્સલ

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રા પહેલા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સમગ્ર રૂટની સમીક્ષા કરી. સૌપ્રથમ મંદિરમાં દર્શન કરીને શ્રી હર્ષ સંઘવીએ મંદિરના મહંત તેમજ ટ્રસ્ટના પદાધિકારીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

જગન્નાથ મંદિરથી શરૂ થયેલી આ સમીક્ષા યાત્રા રથયાત્રાના રૂટના એક પછી એક પડાવો પસાર કરતી આગળ વધી હતી. ૧૬ કિલોમીટરના રથયાત્રાના રુટ પરનાં ચોક, પોળના નાકાઓ, ધાર્મિક સ્થળો પર સૌહાર્દપૂર્ણ વાતાવરણનાં દશ્યો જોવા મળ્યાં હતાં. પોલીસ કાફલો જ્યાં જ્યાંથી પસાર થયો ત્યાં ઘર, દુકાન અને ચાર રસ્તાઓ પર 'કોમી એકતા ઝિંદાબાદ', 'ભારત માતા કી જય', 'વંદે માતરમ', 'જય રણછોડ, માખણચોર'ના નારા લગાવવામાં આવ્યા હતા. જેનાથી આખોય રુટ પર ભક્તિમય ઉત્સાહનો માહોલ સર્જાયો હતો.

રથયાત્રાના મહત્ત્વના પડાવ એવા તંબુ ચોકીમાં સામાજિક આગેવાનોએ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીનું શાલ ઓઢાડી સન્માન કર્યું. અહીં પત્રકાર પરિષદને સંબોધતાં શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ૧૪૫મી જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ ખૂબ સારી રીતે ચાલી રહી છે. આસ્થા અને વ્યવસ્થા સાથે એકતાનો સંદેશ આપતી આ રથયાત્રા છે. મોટી સંખ્યામાં શહેરીજનો સારી રીતે ભગવાનના દર્શન કરી શકે એ માટે અમદાવાદ પોલીસ દ્વારા સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.



તેમણે વધુમાં ઉમેર્યું કે, રથયાત્રાના બંદોબસ્તમાં વિવિધ રેન્કના ૨૫,૦૦૦ જવાનો જોડાયા છે, જેમાં સેન્ટ્રલ પોલીસ, રાજ્ય પોલીસ, નજીકના જિલ્લા અને શહેર પોલીસના જવાનો બંદોબસ્તમાં જોડાશે. અમદાવાદ પોલીસ કમિશનર સહિત સમગ્ર પોલીસ ટીમે રિયલ ટાઈમ રિહર્સલ કર્યું છે.

૧૫થી વધુ વિભાગો સાથેનો આ મેગા બંદોબસ્ત રાષ્ટ્રીય સ્તરે દાખલારૂપ છે. અમદાવાદ પોલીસનું આ આયોજન આસ્થા અને વ્યવસ્થાના ક્ષેત્રે શૈક્ષણિક સંસ્થાઓ માટે કેસ સ્ટડી સમાન છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા જે વિસ્તારોમાંથી પસાર થનાર છે એ તમામ સ્થળો પર સલામતી સંબંધી તમામ પાસાંઓને આવરી લેતી ૩૬૦ ડિગ્રી સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટ પરમાર, સ્થાનિક રાજકીય આગેવાનો અને વિવિધ NGOના પ્રતિનિધો અને સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આમ, રથયાત્રા પહેલાની આ સલામતી સમીક્ષા યાત્રા ભાવિક ભક્તો અને રહીશો માટે ઉત્સાહવર્ધક બની રહી હતી. આલેખનઃ વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ

# કન્હૈયા કુમારના પટણામાં સત્યાગ્રહ કાર્યક્રમમાં યુવાનોએ ગુસ્સે હોબાળો કર્યો

પટણા,તા.૨૮

અગ્નિપથ યોજનાનો વિરોધ વિપક્ષી નેતાઓ અને રાજકીય પાર્ટીઓ કરી રહી છે. તેને લઈને કોંગ્રેસ આખા દેશમાં સત્યાગ્રહ કરી રહી છે. આ અનુસંધાને કોંગ્રેસના યુવા નેતા કન્હૈયા કુમાર પટનાના, પટના સિટીમાં સત્યાગ્રહ કાર્યક્રમમાં પહોંચ્યા. ધરણાં પર બેસતા જ તેમણે સ્થાનિક યુવાનોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. કન્હૈયા કુમારના ભાષણ દરમિયાન સભામાં ઊભા એક યુવાને અગ્નિપથ યોજનાને યોગ્ય બતાવતા 'કન્હૈયા પાછા જાઓ'ની નારેબાજી કરી. ત્યારબાદ ત્યાં મુર્દાબાદના નારા લાગવા લાગ્યા. ત્યારબાદ ત્યાં કોંગ્રેસી કાર્યકર્તા અને નારેબાજી કરી રહેલા યુવાનો વચ્ચે ઘર્ષણ થયું ગયું અને ધક્કા-મુક્કી પણ થઈ. તેનાથી ત્યાં થોડા સમય માટે અફરાતફરી મચી જવા પામી હતી. લગભગ ૧૫ મિનિટ બાદ માહોલ શાંત થયો. આખા ઘટનાક્રમમાં ક્યાંય પોલીસ ન દેખાઈ. હોબાળો અને વિરોધ થવા પર કન્હૈયા કુમારે પોતાનું ભાષણ સમાપ્ત કરી દીધું. ત્યારબાદ તેમને સુરક્ષા વચ્ચે સત્યાગ્રહ સ્થળથી કાઢીને ગાડીમાં બેસાડીને ત્યાંથી રવાના કરી દીધા. તેના પર યુવા કોંગ્રેસ નેતાએ કહ્યું કે, આવું ભાજપના કહેવા પર કરવામાં આવ્યું છે.ભાજપ કન્હૈયા કુમારના કાર્યક્રમથી ડરી ગઈ છે અને તેને રોકવા માટે આવા ષડયંત્ર કરી રહી છે, પરંતુ કોંગ્રેસ તેનાથી ડરવાની નથી. તો રાષ્ટ્રીય જનતા દળએ પણ કન્હૈયા કુમારના સત્યાગ્રહ કાર્યક્રમમાં વિરોધ અને નારેબાજી પાછળ ભાજપનો હાથ હોવાનું કહ્યું. રાજદના આરોપોનું ભાજપે ખંડન કરતા પલટવાર કર્યો. ભાજપના પ્રદેશ પ્રવક્તા રામ સાગર સિંહે કહ્યું કે, કન્હૈયા કુમાર પથ્થરવીર સેનાના નાયક શરૂઆતથી જ રહ્યા છે. અભ્યાસ દરમિયાન પણ દેશ વિરુદ્ધ નારા લાગવા પર સવાલ ઊભા થયા હતા. કન્હૈયાનો વિરોધ ભાજપનો નહીં, પરંતુ અગ્નિવીર બનનાર યુવાનોનો છે.

પટના સાહિબથી પૂર્વ કોંગ્રેસના ઉમેદવાર પ્રવિણ કુશાવાહના નેતૃત્વમાં સત્યાગ્રહનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બિહાર પ્રદેશ કમિટીના અધ્યક્ષ ભક્ત ચરણ દાસ અને કોંગ્રેસના નેતા કન્હૈયા કુમારે સત્યાગ્રહ આંદોલનમાં ધરણાના માધ્યમથી કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાનો વિરોધ કર્યો. ઉલ્લેખનીય છે કે, સેનામાં યુવકોની ભરતી માટે અગ્નિપથ યોજના લોન્ચ કરી છે. એ હેઠળ ૪ વર્ષ માટે અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે. ૪ વર્ષ બાદ ૨૫ ટકા યુવકોને જ સ્થાયી નોકરી મળશે.

# સત્યની આંખે (ભાગ - ૧૭)




## શિક્ષણની સમાજમાં આવશ્યકતા

માનવીને માનવી બનાવવા માટે શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વની બની રહે. શિક્ષણ મેળવેલ વ્યક્તિ અને શિક્ષણથી વંચિત રહેલ વ્યક્તિ વચ્ચે નો તફાવત ઉડીને આંખે વળગે તેવો હોય છે. સાચા અર્થમાં શિક્ષણ પામેલ વ્યકિત તરત જ અલગ તરી આવતો હોય છે. શિક્ષણનો આપણે જે અર્થ કરીએ છીએ તેના કરતાં તેનો વાસ્તવિક અર્થ ભિન્ન છે.આપણે શિક્ષણને માત્ર સંકુચિત સ્વરૂપે નિહાળીએ છીએ. આપણે એવું માની લીધું છે કે શાળા, કોલેજ કે યુનિવર્સિટીમાં ભણનાર મોટી મોટી પદવીઓ ધરાવનાર કેળવાયેલ હોય છે. એટલે જ કદાચ આપણા સમાજમાં ઘણી વખત એવો વાક્ય પ્રયોગ આપણને સાંભળવા મળે છે કે "ભણ્યા પણ ગણ્યા નહીં."

શિક્ષણને માત્ર પરીક્ષાલક્ષી વ્યાપાર ન બનાવતા વિદ્યાર્થીઓમાં શાળાજીવનથી જ ઉમદા ગુણો અને સંસ્કારોનું સિંચનનો સંનિષ્ઠ પ્રયાસ કરીએ. બાળકોમાં પ્રેમ, વિશ્વાસ, વફાદારી, લાગણી, કર્તવ્યનિષ્ઠા, દેશપ્રેમ અને નૈતિકતાના જેવા ગુણોનું સિંચન કરીએ.આત્મિક સૌંદર્યની ઓળખ સમજ અને તેનું મહત્વ સમજાવીને બાહ્ય સૌંદર્ય પાછળ આંધળી અને વ્યર્થ દોટ મુકે તે માટે વિદ્યાર્થીઓમાં સદવૃત્તિ, સહવિચાર અને સદભાવનાનું સિંચન કરીએ. તો આપણે આપણા શૈક્ષણિક જીવનમાં ચાણક્યના સૂત્રને સાર્થક કરવા કટિબદ્ધ બનીએ અને શિક્ષકની વાણી અને કલમથી જ આપણે વિદ્યાર્થીઓમાં ઘડતર અને આવનારી ભાવિ પેઢીનું ચણતર કરીએ.ભાગ્યને આધારે બાળકને ભવિષ્યમાં જો પરદેશ જવાનું થાયતો જો તેને પોતાના શૈક્ષણિક જીવનમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ જ મેળવવું હોય તો તે ત્યાં કંઈક જ કરી શકતો નથી અને તેથી જ સંસ્કૃતમાં કહેવાયું છે કે **વિધ્યા બંધુજનો વિદેશગમને** એટલે કે વિદેશમાં વિદ્યા સ્વજનની ગરજ સારે છે. આ શિક્ષણ (વિદ્યા) આપણી સાથે પડછાયાની જેમ જ રહે છે અન્ય પરિબળોની સાથે આપણા પોતાના સ્વાર્થ માટે માટે શિક્ષણ તો પહેલાં જ જરૂરી છે અને તે વિદ્યાને, શિક્ષણને આપણા જીવનમાં ઉતારવું જોઈએ.નહિતર ક્યાંક ગુજરાતી ભાષામાં બહુ પ્રચલિત ઉક્તિ ×ભણ્યા પણ ગણ્યા નહિ× તેવા હાલ આપણા થાય નહિ.

આમ, વ્યક્તિના ઉત્કર્ષ અને ઉત્થાન માટે શિક્ષણ અને સંસ્કાર મહત્વની ભૂમિકા ભજવે છ. આઝાદી પછી આપણા દેશમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે, તેની સાથેસાથે વિદ્યાર્થીઓની સમસ્યાઓ પણ વધતી ગઈ છે. ક્યારેક તો લાગે છે કે આજના વિદ્યાર્થીની સામે કોઈ દિશા જ રહી નથી. તેને અનેક પ્રકારની સમસ્યાઓ સતાવી રહી છે, પરિણામે તે સતત માનસિક તાણ અનુભવે છે, જેની તેના અભ્યાસ પર માઠી અસર પડે છે.આજના મોંઘવારીના જમાનામાં શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે. સામાન્ય માબાપ પોતાનાં બાળકોને સારી કહેવાતી શાળામાં દાખલ કરાવી શકતાં નથી. બાલમંદિરમાં પ્રવેશ મેળવવા માટે પણ મોટી રકમનું 'ડોનેશન' આપવું પડે છે. આથી કેટલાંક બાળકો સરકારી શાળાઓમાં દાખલ થાય છે, પરંતુ ત્યાં શિક્ષણનું સ્તર સંતોષકારક હોતું નથી. આથી બધા વિદ્યાર્થીઓને ભણવાની સારી તકો સાંપડતી નથી.

શિક્ષણતંત્રના અધિકારીઓ શિક્ષણમાં છાશવારે જાતજાતના ફેરફારો કરીને વિદ્યાર્થીઓની મૂંઝવણમાં વધારો કરે છે. વિદ્યાર્થીની સમસ્યા ઉકેલવી એ કુટુંબ, સમાજ અને દેશના હિતમાં છે.

લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે, લક્ષણ એટલે ચારિત્ર્ય, ચારિત્ર્ય વાળુ શિક્ષણ જ સૌની રક્ષા કરે છે.શિક્ષણથી માણસને આંખ અને પાંખ બંને મળે છે. શિક્ષક સત્યવાન હોવો જોઇએ. શિક્ષકની વાણી, વર્તન અને વિચારમાં ક્યાંય અસત્યનો રણકાર ન હોવો જોઇએ. શિક્ષક અને સેનાપતિ બંનેનું કાર્ય સરખું છે, બંને રખોપા કરે છે અને રક્ષક ક્યારેય અસત્યનો આશ્રિત ન હોઇ શકે.

**મીનાક્ષી રાવલ ગાંધીનગર**

# ૨૧ વર્ષની ન્યૂઝ એંકર બની ગામની સરપંચ, ૫ વર્ષમાં પરિવર્તન લાવીને બતાવીશ

ઉજ્જૈન,તા.૨૮

મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લામાં માત્ર ૨૧ વર્ષની લક્ષિકા ડાગર તેના ગામની સરપંચ બની છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેઓ ચિંતામન જવસિયા પંચાયતમાં સરપંચની ચૂંટણીમાં ૪૮૭ મતોથી જીતી છે. જો કે રાજ્ય ચૂંટણી પંચે હજુ સુધી તેમને વિજયનું પ્રમાણપત્ર આપ્યું નથી. હવે તેમના ગામ-ઘરમાં ઉત્સાહનો માહોલ છે.



ઉજ્જૈન જિલ્લાના તહસીલ અને ગ્રામ પંચાયત ચિંતામન જવસિયાના રહેવાસી દિલીપ ડાગર જિલ્લા સહકારી કેન્દ્રીય બેંકમાં પ્રાદેશિક અધિકારી છે. તેમની ૨૧ વર્ષની પુત્રી લક્ષિકા ડાગરે ચૂંટણીમાં તેમની ૮ મહિલા પ્રતિસ્પર્ધી મહિલા ઉમેદવારોને હરાવ્યા છે. તેણે ઉજ્જૈન શહેરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝમાં મીડિયાનો અભ્યાસ કર્યો છે. આ સાથે તે જિલ્લાના પ્રથમ કોમ્યુનિટી રેડિયો 'રેડિયો દસ્તક ૯૦.૮ FM'માં ઈન્ન એટલે કે રેડિયો જોકીની ભૂમિકા પણ ભજવે છે. આ સિવાય તે સ્થાનિક ન્યૂઝ ચેનલમાં એંકરિંગ પણ કરે છે. જીત બાદ સરપંચ બનવા જઈ રહેલી લક્ષિકાએ કહ્યું, હું બધાનો આભાર માનવા માંગુ છું. આખા ગામે મને એટલો આશીર્વાદ અને પ્રેમ વરસાવ્યો છે કે હું તેનો હંમેશ માટે આભારી રહીશ. હું ગામનો વિકાસ કરીને આ ઉપકાર ચુકવવા માંગુ છું. ખેડૂતોની મુખ્ય સમસ્યા એ છે કે જંગલી પ્રાણીઓ તેમના પાકનો નાશ કરે છે. સાથે જ વરસાદ અને કરાથી પાક પણ બગડે છે, આવી સ્થિતિમાં ખેડૂતોનું થોડું દેવું મુક્ત કરી શકું તે સારું.

તેણે વધુમાં જણાવ્યું હતું કે અગાઉ પંચાયત ભવન ક્યારેય ખુલ્લું નહોતું, પરંતુ હવે ખુલ્લું રહેશે. દરેકની સમસ્યા સાંભળવામાં આવશે અને તેમની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવશે. લક્ષિકા ડાગરે કહ્યું કે આ ૫ વર્ષમાં હું એટલું પરિવર્તન લાવીશ કે જ્યારે પણ બીજા સરપંચ બનશે ત્યારે લોકો તેમને કહેશે કે લક્ષિતા જેવું કામ કરો. ખાસ વાત એ છે કે લક્ષિકાને તેના જન્મદિવસના અવસર પર સરપંચ પદની ભેટ મળી છે.

જણાવી દઈએ કે મધ્યપ્રદેશ પંચાયત ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૫ જૂને યોજાયું છે. તેના અઘોષિત પરિણામો પણ આવી ગયા છે. હવે બીજા તબક્કાનું મતદાન ૧ જુલાઈએ અને છેલ્લું અને ત્રીજું ૮ જુલાઈએ થશે. આ પછી પંચથી લઈને જિલ્લા પંચાયતના સભ્યોના પદ માટેની મતગણતરી ૮મી જુલાઈ, ૧૧મી જુલાઈ, ૧૪મી જુલાઈ અને ૧૫મી જુલાઈએ યોજાશે. રાજયના કુલ ૫૨ જિલ્લાઓમાં ૮૭૫ જિલ્લા પંચાયત સભ્યો, ૬ હજાર ૭૭૧ જનપદ પંચાયત સભ્યો સહિત ૨૨ હજાર ૯૨૧ સરપંચો અને ૩ લાખ ૬૩ હજાર ૭૨૬ પંચો માટે ૩૦ મેથી ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ છે.

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૫૨ના ઉછાળા સાથે ઊંચામાં બેરલદીઠ રૂ.૮,૮૧૬ બોલાયો

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીની આગેકૂચઃ નેચરલ ગેસ, કોટન, મેન્થા તેલમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૮૮૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૪૪૩૨ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૬,૪૬૦ સોદાઓમાં કુલ રૂ.૧૩,૩૪૬.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૮૮૦.૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૪૩૨.૧૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૫,૬૦૫ સોદાઓમાં કુલ રૂ.૪,૫૯૦.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૬૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૯૧૯ અને નીચામાં રૂ.૫૦,૬૦૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૫ વધી રૂ.૫૦,૮૩૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬૦ વધી રૂ.૪૦,૮૯૨ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૦ વધી રૂ.૫,૦૯૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૩૫ વધી રૂ.૫૦,૮૧૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૭૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૫૨૦ અને નીચામાં રૂ.૫૯,૭૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦૭ વધી રૂ.૬૦,૩૫૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૮૩ વધી રૂ.૬૦,૭૯૫ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૬ વધી રૂ.૬૦,૮૨૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૪૬૯ સોદાઓમાં રૂ.૨,૦૧૫.૮૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૭૦ વધી રૂ.૨૧૪.૪૦ અને જસત જૂન વાયદો રૂ.૪.૦૫ વધી રૂ.૩૦૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૮.૬૦ વધી રૂ.૭૦૫.૬૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૫,૩૭૬ સોદાઓમાં કુલ રૂ.૨,૨૦૩.૫૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૬૮૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૮૧૬ અને નીચામાં રૂ.૮,૬૮૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫૨ વધી રૂ.૮,૭૯૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪ વધી રૂ.૫૨૧.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૨૩ સોદાઓમાં રૂ.૭૦.૩૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૮,૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૪૫૦ અને નીચામાં રૂ.૪૮,૦૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨,૫૮૦ વધી રૂ.૪૯,૨૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ વધી રૂ.૧૦૦૬.૨૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૨૨.૯૩ કરોડનાં ૩,૫૮૪.૭૧૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૭૬૭.૫૯ કરોડનાં ૪૫૫.૧૭૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૦૮૫.૭૪ કરોડનાં ૧૨,૪૨,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૧૮ કરોડનાં ૨૧૬૨૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૯.૭૨ કરોડનાં ૧૪૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૬૩ કરોડનાં ૧૦૩.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૪૩૨.૨૨૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૭૦.૮૦૬ ટન, ક્રૂડ તેલમાં ૮૭૮૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૪૭૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૨૫૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૬૩.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૮૮ કરોડનાં ૪૭૨ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૩૧૫ના સ્તરે ખૂલી, ૫૮ પોઈન્ટ વધી ૧૪,૩૬૨ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૪૩૨.૧૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૯.૨૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨.૬૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૪૩૬.૨૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૪૨.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૩.૫૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૩.૯૦ અને નીચામાં રૂ.૨૬૬ રહી, અંતે રૂ.૬૯.૯૦ વધી રૂ.૩૧૬.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩.૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૭.૯૦ અને નીચામાં રૂ.૨૧.૧૫ રહી, અંતે રૂ.૪.૬૦ વધી રૂ.૨૭.૪૦ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૦ અને નીચામાં રૂ.૫૮૧ રહી, અંતે રૂ.૪૧ વધી રૂ.૬૨૩.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૪૧૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૬૧૦ અને નીચામાં રૂ.૨,૪૦૦ રહી, અંતે રૂ.૧૨૨.૫૦ વધી રૂ.૨,૫૫૩ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૪.૫૦ અને નીચામાં રૂ.૫૮૬ રહી, અંતે રૂ.૨૫ વધી રૂ.૬૧૭ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૩૪.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૪.૮૦ અને નીચામાં રૂ.૨૮૫.૧૦ રહી, અંતે રૂ.૪૭.૮૦ ઘટી રૂ.૨૯૨.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૩.૬૦ અને નીચામાં રૂ.૨૭.૬૦ રહી, અંતે રૂ.૫.૩૦ ઘટી રૂ.૨૮.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૧ અને નીચામાં રૂ.૩૩૩.૫૦ રહી, અંતે રૂ.૭૦ ઘટી રૂ.૩૬૪ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૭૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૭૮.૫૦ અને નીચામાં રૂ.૧,૫૦૧ રહી, અંતે રૂ.૧૭૫ ઘટી રૂ.૧,૫૪૮ થયો હતો. ચાંદી-મિનીઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૦૦ અને નીચામાં રૂ.૧,૦૫૦ રહી, અંતે રૂ.૮૧ ઘટી રૂ.૧,૧૩૪.૫૦ થયો હતો.

## ભરત વૈષ્ણવ કી પાઠશાલા દિવસ - ૨
## થોરિયાવાડી પ્રાથમિક શાળા



હેલીકોપ્ટર શોટ જેની આગવી ખાસિયત હતી અને ક્રિકેટ ટીમના અભૂતપૂર્વ ભૂતપૂર્વ કેપ્ટન એવા મહેન્દ્રસિંહ ધોની સફળતાના મંત્ર તરીકે જીદને સો ટકા અનિવાર્ય માને છે. તેણે જીદ કરીને અશ્રુતપૂર્વ સફળતા મેળવી છે. કરોડો યુવાનોના આઇકોન બન્યા છે.

અંગ્રેજોને દેશમાંથી ખદેડી કાઢવા વિન્સટન ચર્ચિલે જેને નંગા ફકીર કહેલા તેવા મહાત્મા ગાંધીએ જીદ કરી ન હોત આપણે યુનિયન જેકના ગુલામ હોત!!આ ગામમાં વડીલ વાલજીબાપા આહીર છે. તેમની ઉંમર પંચોતેર પ્લસ છે. તમે કહેશો કે તેમાં શું મોથ મારી છે?? ઉંમર લાયકાત હોય કે ન હોવ વધે છે. કશા પ્રયત્ન વિના ઉંમરલાયક થવાય છે. ઓકે તમારી દલીલ સાથે સંમત!! મૂળ મુદા પર આવીએ. વાલજીભાઇ ૮૦ એકર જમીન પર સ્વામિત્વ ધરાવે છે. લગભગ બસો વિધા જમીન થાય. ખેતી દીકરાઓ સંભાળે છે. વાલજીભાઇ શિક્ષણના પ્રસાર સિવાયની દુન્યવી પ્રવૃત્તિથી નિવૃતિ લઇ ચૂક્યા છે!! આવા વાલદીભાઇ જીદ કરી થોરીયાવાડી ગામની શાળામાં છઠ્ઠું ધોરણ મંજૂર કરાવી લાવ્યા છે. અલબત, એના માટે વાલજીઆગ્રહ એટલે કે જીદનું વેપન વાપરી ચૂક્યા છે. છઠ્ઠું ધોરણ મંજૂર કરાવવા જિલ્લા પંચાયત પહોંચી ગયા. અધિકારીની ચેમ્બર સામે જમીન પર અડીંગો જમાવી બેસી ગયા. છઠ્ઠું ધોરણ મંજૂર ન થાય ત્યાં સુધી અહીંથી ટસનોમસ થવાનો નથી તેવું ડંકે કી ચોટ પર એલાન કર્યું. વ્યકિતગત માંગણી માટે કોઇ હડતાળ કરે એ સમજી શકાય. અપિતું, સમષ્ટિ માટે આવું કરે એ કોઇના માન્યામાં ન આવે. છેવટે વાલજીભાઇ વિજયી થયા. હમણા છઠ્ઠું ધોરણ મંજૂરીનો હુકમ ગામને મળી ગયો છે. ગામને એની ખુશી છે. વાલજીબાપાએ પ્રવેશોત્સવ ઉપસ્થિત રહી સમારોહની શોભામાં નિર્વિવાદપણ્ વધારો કર્યો. કોરાનાકાળમાં બાળકોને શેરી શિક્ષણ આપવા માટે પોતાની વાડી ચાર મહિના વાપરવા આપવાની ઉદારતા દર્શાવી. અહીં લોકો વાઢી આંગળી પર મૂતરતા નથી તેવા સમયે આ ઉદારતા બિરદાવવા લાયક છે! વાલજીબાપાના ચરણોમાં મસ્તક નમાવવાની તક મળી એ માટે મારી જાતને ખુશનસીબ માનું છું! થોરીયાવાડી શાળાના વિધાર્થીની સંખ્યા ૮૪ છે. એની સામે ૧૨ નવા બાળકોએ પ્રથમ કક્ષામાં પ્રવેશ મેળવ્યો. પંદર ટકા નવા બાળકો ઉમેરામાં બાળકોની સંખ્યા ૯૬ થઇ. આવતા વરસે પ્રવેશોત્સવમાં ગામ વિધાર્થીની સંખ્યામાં મામલે સદી ફટકારશે!! આ ગામમાં એક બાબત ઊડીને આંખે વળગે તેવી છે. તમામ વિધાર્થીની હાજરી ૧૦૦ % છે એટલે મહતમ હાજરી માટે છોકરાઓને સન્માનવાનો સવાલ રહેતો નથી!!

હું ઘણા વરસોથી પ્રવેશોત્સવમાં જઉં છું. બાળકોને અલગ અલગ રીતે પ્રવેશ કરાવવામાં આવે છે!!માનકૂવા ખાતેની શાળામાં ઢોલનગારા સાથે ગામના વડીલો શાળાના દરવાજેથી પ્રવેશપાત્ર ભૂલકાઓની માસૂમ આંગળીઓ પકડીને બાળકોને પ્રવેશ કરાવી બાળકોનેસુરક્ષા,સલામતી, હૂંફ, વાત્સલ્યનો અહેસાસ કરાવે છે. ક્યાંક રંગબેરંગી ટોપી પહેરાવે છે,ક્યાંક કપાળે કુમકુમ તિલક કરાવે છે!! પણ ઢોરી વાડી વિસ્તાર શાળામાં પરંપરાગત પ્રવેશ સાથે ભૂલકાઓને પેંડો ખવડાવી પ્રવેશ કરાવ્યો!અહીં તેજસ્વી વિધાર્થીઓનું જેમના હાથે સન્માન કરાયું તેનું ભણતર વિધાર્થી કરતાં ઓછું હતું!! અહીં દાતાઓનું સન્માન કરતા શાલ ખલાસ ગઇ .આવી સ્થિતિમાં સન્માનિત દાતાઓએ શાલીનતા પ્રદર્શિત કરી અન્યોનું સન્માન થઇ શકે તે માટે ચૂપચાપ શાલ પરત કરી પ્રસંગ સાચવી લીધો. સ્થાનિક અગ્રણી અને એસએમસીના અધ્યક્ષ વિરમભાઇ આહિરે તેમની વાડીમાં લંચ કરાવ્યું,જે કોઇ ઢાબાને ટક્કર મારે તેવું ઓર્ગેનિક અને સાત્વિક હતું!!!

# ભારતમાં ગાયને પૂજવામાં આવે છે; અમેરિકામાં ગાયને સમજવામાં આવે છે !

અમેરિકાનું સૌથી મોટું ડેરી ફાર્મ ક્યું છે? કઈ જગ્યાએ છે? કેટલી જમીન છે? કેટલી ગાયો છે? રોજનું કેટલું દૂધ ઉત્પાદન આપે છે? રોજે કેટલી ગાયો વિહાય છે? કઈ રીતે ગાયોની સંભાળ રાખવામાં આવે છે?

આ જાણવા અમે શિકાગોથી ૭૫ માઈલ દૂર northeast Indiana ખાતે Fair Oaks-Vuh ઓક્સ ડેરી ફાર્મની મુલાકાત ૨૩ જૂન ૨૦૨૨ના રોજ લીધી. ફેર ઓક્સ ડેરી ફાર્મ ૨૫૦૦૦ એકર જમીન (૪૦ ચોરસ માઈલ) ઉપર ફેલાયેલું છે. ગૌશાળા જોવા માટે ૨૦ ડોલરની ફી છે. બસની વ્યવસ્થા છે. બસ ગૌશાળાના શેડ નીચે ચાલે છે. બન્ને બાજુ સફેદ-કાળા ટપકાં વાળી તંદુરસ્ત ગાયો જોવા મળે. ગરમીમાં તાપમાન નીચું રાખવા માટે શાવર/પંખા છે. ગાયનો ઓટોમેટિક મસાજ થાય તેવી વ્યવસ્થા છે ! વાસીદું યંત્રો વડે થાય છે. રોબોટિક મશીન દ્વારા ગાયો કઈ રીતે દોહવામાં આવે છે, તેનું ડેમોસ્ટ્રેશન જોવા મળે. ગાયોના જુદા જુદા ચારાની/છાણમાંથી બનતા ગેસની બાબતો જાણવા મળે. સમર કેમ્પના બાળકોની ટુર અહીં આવે અને ડેરી વિશે જાણકારી મેળવે છે. રોજે ૮૦-૧૦૦ ગાયો વિહાય છે. મૈરિહષ્ન મ્ઙહિ-ગાય વિહાય તે લોકો જોઈ શકે તે માટે ખાસ ગેલેરી છે ! કુલ ૩૬,૦૦૦ ગાયો છે, રોજે ૩,૮૦,૦૦૦ ગેલન દૂધ આપે છે; જે Chicago *તથા* Indianapolis શહેરના ૮ મિલિયન લોકોને દૂધ પૂરું પાડે છે. ૧૪૯.૮ મિલિયન ડોલર આવક થાય છે. ૨૦૦૪માં Mike McCloskeyએ આ ડેરી ફાર્મ ઊભું કર્યું હતું. ગાયની પાચન પ્રક્રિયા તથા તેની ખાસિયતો અહીં ગાયના મોડેલ દ્વારા રજૂ થઈ છે. નાનપણથી ગાય સાથેનો નાતો હોવા છતાં મને એ ખબર નહતી કે ગાય ૬ માઈલ (૯ કિલોમીટર) દૂર સુધી પાણી અને ચારાની ગંધ પારખી શકે છે !

આપણે ત્યાં ગૌશાળાઓ છે, દૂધમાં સોનું હોવાનો દાવો કરે છે, કોઈ ગૌવેદ લખે છે, કોઈ ગોશાળાના નામે સમાજસેવાનો અંચળો ઓઢી અમનચમન કરે છે ! ભારતમાં ગાયને પૂજવામાં આવે છે; અમેરિકામાં ગાયને સમજવામાં આવે છે !

## ગીર-સોમનાથમાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન થશે!

ગીર સોમનાથ,તા.૨૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાતમાં છેલ્લા બે દાયકા દરમ્યાન થયેલા વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે ગીર-સોમનાથમાં ૪ થી ૧૮ જુલાઇ દરમ્યાન વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ઈણાજ જિલ્લા સેવાસદન ખાતે કલેકટર રાજદેવસિંહ ગોહીલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમના સુચારૂ આયોજન માટે અધિકારીઓની બેઠક યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરએ જણાવ્યું કે, જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા દરમ્યાન વિવિધ વિકાસાત્મક કાર્યોનું લોકાર્પણ, નવા મંજુર થયેલા કામોની જાહેરાત, વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાય વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે. આ સિવાય સરકાર થકી ગુજરાતની ૨૦ વર્ષની વિકાસ યાત્રા દર્શાવતા બે રથ જિલ્લા ભરના વિવિધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરશે.

# કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવ સાચા અર્થમાં સમાજોત્સવ બન્યો : શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી

રાજયમાં ત્રી દિવસીય યોજાયેલા ૧૭ માં કન્યા કેળવણી મહોત્સવ - શાળા પ્રવેશોત્સવને મળેલા અપ્રતિમ સહયોગ અને કાર્યક્રમને મળેલી સફળતાનો શ્રેય જનતા જનાર્દનને આપતા શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આ વર્ષે નાગરિકોએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન દાખવેલો ઉત્સાહ અનેરો હતો. રાજયની ૩૦ હજારથી વધુ શાળાઓમાં યોજાયેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં ૪૫ લાખથી વધુ વિધ્યાર્થીઓ સહિત ૧ કરોડ નાગરિકો ઉત્સાહભેર સહભાગી બન્યા અને તેને કારણે જ આ ઉત્સવ સાચા અર્થમાં સમાજોત્સવ બની રહ્યો.

શિક્ષણમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા સાથે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદાતભાવથી તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને પરિણામે ૨૦ વર્ષથી યોજાતા કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવને પરિણામે રાજયમાં બાળકોનો એનરોલમેન્ટ રેશીયો ૧૦૦ ટકાની ખુબ જ નજીક પહોંચ્યો છે અને તેની સામે ડ્રોપ આઉટ રેશીયો પણ ઘટ્યો છે. બાળકોના શિક્ષણને કેન્દ્રસ્થાને રાખી સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં આ પ્રકારનો કાર્યક્રમ થાય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ મંત્રી મંડળના સભ્યો, પદાધિકારીઓ સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા શિક્ષણના આ મહાયજ્ઞમાં નાગરિકોએ આપેલા સહયોગ બદલ જનતાજનાર્દનનો આભાર માન્યો હતો.

૧૭ માં પ્રવેશોત્સવની સફળતાની ઝાંખી આપતા શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ કે, તા.૨૩ થી ૨૫ જૂન દરમ્યાન રાજયવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ– શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલામાં ૫ લાખ ૭૨ હજાર બાળકોનો ધોરણ-૧માં પ્રવેશ જનભાગીદારીના ઉમંગ-ઉત્સાહમય વાતાવરણમાં કરાવવામાં આવ્યો છે. જેમાં ધોરણ-૧માં ૨,૮૦,૪૭૮ દિકરીઓ તથા ૨,૯૧,૯૧૨ કુમારોનું શાળાઓમાં નામાંકન થયું છે. તે ઉપરાંત ત્રણ દિવસમાં ૧,૦૫૯ કુમાર અને ૭૧૬ કન્યા મળી કુલ ૧,૭૭૫ દિવ્યાંગ બાળકોના નામાંકન થયા છે. આ અભિયાન અંતર્ગત રાજયની આંગણવાડીઓ- બાલમંદિરમાં પ્રારંભિક શિક્ષા માટે ૨,૩૦,૭૩૨ ભૂલકાંઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ત્રણ દિવસમાં કુલ ૨,૮૦,૪૭૮ કન્યાઓએ ધો.૧માં અને ૧.૧૨ લાખ બાળાઓએ આંગણવાડી-બાલમંદિરમાં પ્રવેશ મેળવ્યો છે. એટલુ જ નહિ, બાળકોમાં અત્યારથી જ પર્યાવરણની સમજ કેળવવાનો અભિગમ અપનાવી મહાનુભાવો દ્વારા પ્રવેશોત્સવની સાથોસાથ વૃક્ષારોપણ કરી ૧,૫૮,૮૨૦ વૃક્ષોનું વાવેતર કરાયુ છે.

શિક્ષણમંત્રી શ્રી વાઘાણીએ આપેલી વિગતો અનુસાર રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન સમગ્ર રાજયની કુલ ૩૦,૮૮૦ પ્રાથમિક શાળાઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લઇ ૧૦૦ ટકા નામાંકનની દિશામાં નક્કર કદમ ભર્યુ છે. શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની રાજય સરકારની આ મુહિમને ખૂબ સારો જનપ્રતિસાદ સાંપડ્યો છે. સ્થાનિક કક્ષાએ વધુ બાળકો શાળામાં પ્રવેશ લે તે માટે દાતાશ્રીઓ દ્વારા અવિરત લોકસહકાર-દાન આપવામાં આવ્યુ છે. જે અંતર્ગત રાજયભરમાં સમાજ અગ્રણીઓ-સખાવતીઓએ રોકડ રૂ.૨.૫૪ કરોડ અને ચીજવસ્તુ સ્વરૂપમાં અંદાજે રૂ.૨૬ કરોડની રકમનો લોકસહકાર મળી રૂ. ૨૮.૫૩ કરોડનુ દાન આપ્યુ છે. તે ઉપરાંત બનાસકાંઠાના કાશીપુરા ખાતે રૂ.૧૦ લાખની કિંમતની જમીનનું દાન પણ મળ્યુ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસમાં રાજયની વિવિધ શાળાઓમાં મળી અંદાજે રૂ. ૨૫.૯૩ કરોડના ખર્ચે ૪૯૪ નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત ત્રણ દિવસમાં રાજયભરમાં ૨૩૬૪ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, નામદાર હાઈકોર્ટ દ્વારા કરેલા અવલોકનમાં પણ રાજયની શાળાઓની સ્થિતિની સરાહના કરવામાં આવી છે તે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ સ્તરથી જ કવોલિટી એજ્યુકેશનનો પાયો સુદ્રઢ કરતા કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના આ ૧૭માં અભિયાનની ત્રિદિવસીય શૃંખલામાં ખુબ જ સારો જનપ્રતિસાદ સાંપડ્યો છે. જે રાજયમાં એક પણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે અને ગુજરાતને ૧૦૦ ટકા શિક્ષીત રાજય બનાવવાની દિશામાં મહત્વનું સાબિત થશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો છે

અને આ કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ શિક્ષણ માટે મળેલા સૂચનોને આવકારી આ સૂચનોને રાજય સરકાર ચોક્કસ પરિપૂર્ણ કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.

### લગ્નના સાતમા દિવસે ફરાર

# મહેસાણાના પરિવારે પોણા બે લાખ આપીને પુત્રના લગ્ન કરાવ્યા,ફરિયાદ દાખલ કરાઇ

મહેસાણા,તા.૨૮

મહેસાણાના એક પરિવારને પુત્રવધુ લાવવી મોંઘી પડી છે. ૧.૭૦ લાખ આપી દલાલ મારફતે ભરૂચની એક યુવતી સાથે પુત્રના લગ્ન કરાવ્યા હતા. જોકે, લગ્નના સાતમા જ દિવસે માનતા પુરી કરવાનું કહીં પુત્રવધુ તમામ દાગીના લઈ ફરાર થઈ ગઈ હતી. દુલ્હન પરત ન ફરતા પરિવારે દલાલોનો સંપર્ક કરતા તેમણે ૧.૭૦ લાખમાંથી માત્ર ૩૦ હજાર પરત આપ્યા હતા અને બાદમાં ધમકીઓ આપી હતી. આ અંગે પરિવારે ચાર માસ અગાઉ પોલીસમાં અરજી આપી હતી. જોકે હજુસુધી ફરિયાદ ન નોંધાતા પરિવાર ન્યાયની માંગ કરી રહ્યો છે.

મહેસાણામાં આવેલા નાગલપુર વિસ્તારમાં રહેતા હિગુ રૂપાબેન પ્રકાશભાઈ પોતાનું ઘર કામ કરી ગુજરન ચલાવે છે. પરિવારમાં પતિ સાત વર્ષથી લકવાગ્રસ્ત છે. ત્યારે સંતાનમાં બે દીકરા છે. જેમાં દીકરા પ્રભાતને સમાજમાં સગપણ ન થતા તેઓ યુવતીની શોધમાં હતા.

પરિવાર પુત્ર માટે કન્યાની શોધમાં હતો હત્યારે મહેસાણાના ગોકળગઢના દેવજી ચૌધરી અને ઈશ્વર ચૌધરી સાથે સંપર્ક થતા. તેઓએ દીકરા માટે ભરૂચની કન્યાની વાત કરી હતી અને કન્યા લાઇ આપવાના ૨ લાખ થશે એમ કહી ૧.૭૦ લાખમાં મામલો પટાવ્યો હતો.

૧.૭૦ લાખમાં નક્કી થયા બાદ મહેસાણાનો પરિવાર દીકરા માટે કન્યા જોવા ભરૂચ જિલ્લાના કાદીયા ગામે ગયો હતો. જ્યાં તેઓ ભરૂચની હોટેલમાં રોકાયા હતા. આ દરમિયાન હોટેલમાં ૧.૧૫ લાખ રૂપિયા અનિતા નામની કન્યાને પરિવારે આપ્યા હતા. આ દરમિયાન યુવકની માતાએ પૈસા ગણતો વીડિઓ પોતાના મોબાઈલમાં કેદ કરી દીધો હતો. ત્યારબાદ અનિતાના લગ્ન પ્રભાત જોડે કરાવવામાં આવ્યા હતા અને બાદમાં પરિવાર મહેસાણા પરત આવ્યો હતો. જેમાં આવવા જવાના ખર્ચના કરીને ૨૦ હજાર ખર્ચ અને બીજો ખર્ચ મળીને કુલ ૬૬ હજાર આપ્યા હતા. પ્રભાત સાથે લગ્ન કર્યાના સાતમા દિવસે પુત્રવધુ અનિતાએ પોતાના સાસુને કહેલું કે, મારા પિયર માનતા કરવા જવાનું છે. એમ કહેતા સસરિયાએ દલીલોને વાત કરી હતી અને બાદમાં અનિતાને પિયર જવા દીધી હતી. જેમાં અનિતા ઘરેણા પણ લઇને ગઇ હતી. ત્યારબાદ લૂંટેરી દુલ્હન અનિતા સાસરીમાં પરત ન આવતા સાસરીયાએ અવારનવાર કોલ કરી વાત કરવા પ્રયાસ કર્યા હતા. એમ છતાં દુલ્હન પરત આવી નહોતી. જેથી પરિવારે સમગ્ર મામલે મહેસાણાના ગોકળગઢના દલાલોને જાણ કરતા પ્રથમ તેઓએ ૩૦ હજાર પરત આપ્યા હતા અને બાદમાં જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

# જૂનાગઢની ગજબ છેતરપિંડીઃ એમડીમાં પ્રવેશ લેવા લાખો ગુમાવ્યા

જૂનાગઢ,તા.૨૮

જિલ્લાના માણાવદર તાલુકામાં એક છેતરપિંડીનો ગજબ કિસ્સો સામે આવ્યો છે. માણાવદર તાલુકાના નાકરા ગામના તબીબ રોનક મણીલાલ કકકડે એમડીમાં એડમિશન લેવા માટે નીટની પરીક્ષાનું ઓન લાઇન ફોર્મ ભર્યુ હતુ. જે અંગેની વિગતો યેનકેન પ્રકારે સૂરત રહેતા સતિષ ભૂપત કાનાણી અને તેમની પત્ની સોનલ સતિષ કાનાણીને મળી હતી. જે બાગ આ દંપતીએ લાખો રૂપિયા ખંખેરવાનો કારસો રચી નાંખ્યો હતો. થોડા દિવસો બાદ આજ ગેંગના સભ્ય વિશાલ સિંઘ નામના વ્યક્તિનો ફોન તબીબ રોનક પર આવ્યો હતો. તેને એડમિશન આપવાની લાલચ આપીને ૩૨ લાખ પડાવી લીધા હતા. જોકે, સતિષને એડમિશન મળ્યું ન હતુ.

એડમિશન નહીં મળતા તબીબ રોનકે પૈસાની ઉઘરાણી કરતા ૬ લાખ પરત આપ્યા હતા. પરંતુ દંપતીએ ૨૬ લાખ પરત આપ્યા ન હતા. બાદમાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા રોનકે જૂનાગઢ સાયબર પોલીસમા ફરીયાદ દાખલ કરી હતી આઇજી કચેરીના રીડર પીઆઇ કે.કે.ઝાલાના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસ મથકના પીઆઈ આર.વી. વાજાએ તપાસ હાથ ધરી હતી. સતિષ તેમજ સોનલની સુરતથી ધરપકડ કરી છે.

પૂછપરછ પૂર્ણ થતા દંપતીને કોર્ટે જેલ હવાલે કર્યા છે. સાયબર પોલીસે આ ગુનઓ સંડોવાયેલા અજાણ્યા શખ્સો રણજીત, લવ ગુપ્તા અને બેંક એકાઉન્ટનો ઉપયોગ કરનાર શખ્સ સામે ગુનો નોંધ્યો છે. તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આમ ઉચ્ચ અભ્યાસની ડિગ્રી લાલચમાં છેતરપિંડીનો ભોગ બનનારનો કિસ્સો સમાજમાં લાલબત્તી સમાન છે.

# આચાર્ય લોકેશજી એ ન્યુયોર્કની શાળામાં વિદ્યાર્થીઓને ગાંધી શાંતિ પોસ્ટર ભેટ કર્યા

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજી અને ન્યૂયોર્કમાં ભારતના કોન્સલ જનરલ (CGI) રણધીર જયસ્વાલજી અને ડૉ. પોલ કેસિઆનોજીએ ૭૫૦૦ ગાંધી શાંતિ પોસ્ટરના પ્રસ્તુતિ સમારોહની ઉજવણીમાં હાજરી આપી હતી. ફ્રીપોર્ટ પબ્લિક સ્કૂલના દરેક વિદ્યાર્થી અને સ્ટાફ મેમ્બરને એક પોસ્ટર ભેટ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૩ વિદ્યાર્થીઓને પોસ્ટર પરની તેમની કલાકૃતિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પીસ ફંડ અને ફ્રીપોર્ટ સ્કૂલ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ગાંધીજીના જીવન અને વિશ્વમાં તેમના યોગદાનને દર્શાવતી લગભગ ૨૦ રંગીન તસવીરોથી સ્થળને શણગારવામાં આવ્યું હતું. વિશ્વ શાંતિ દૂત પ્રસિદ્ધ જૈન આચાર્ય ડૉ. લોકેશજીએ તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંદૂકની હિંસાનો પ્રશ્ન માત્ર બંદૂકથી જ નહીં પણ આપણા મનથી પણ છે. તેમણે કહ્યું કે, મગજની એક બાજુ ગણિત, વિજ્ઞાન વગેરે જેવા તમામ વિશ્લેષણ છે અને બીજી બાજુ પ્રેમ, કાળજી વગેરે જેવી ગુણાત્મક બાબતો છે. આપણે હિંસા દૂર કરવા માટે મનની બીજી બાજુને શિક્ષિત કરવાની જરૂર છે, જેથી વિશ્વમાં અહિંસા, શાંતિ અને સૌહાર્દ સ્થાપિત થઈ શકે. આચાર્યજીએ આહવાન કરી સંબોધન પૂરું કર્યું. CGI રણધીર જયસ્વાલજી એ કહ્યું કે, ગાંધીવાદી મૂલ્યો સાર્વત્રિક છે, અને તેમના વગર, સમાજમાં સંપૂર્ણ સુખ અને પ્રગતિ થઈ શકે નહીં. તેમણે કહ્યું કે, ગાંધી એક વ્યક્તિ હતા, નશ્વર હતા પરંતુ તેમણે ઘણી પરંપરાઓ અને બ્રહ્માંડને જોડી દીધા હતા. તેમણે સંયુક્ત કરેલા સૌથી સુંદર બ્રહ્માંડમાંની એક જૈન ફિલસૂફીની પરંપરા હતી જે જીવનના માર્ગ સાથે સંકળાયેલી છે.'' ફ્રીપોર્ટ શાળાઓના અધિક્ષક ડો. કિશોર કુંચમે તમામ મહેમાનોનું સમાજમાં તેમની સિદ્ધિઓ અને યોગદાન બદલ સ્વાગત અને સન્માન કર્યું હતું. તેમણે પોસ્ટર માટે આર્ટવર્ક બનાવવામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "અમારી શાળાઓ અને અમારા સમુદાયમાં શાંતિની સંસ્કૃતિનું નિર્માણ કરવું એ ફ્રીપોર્ટ પબ્લિક સ્કૂલ્સનું મિશન છે, ગાંધીજીના જીવન કાર્યો અને વાર્તાઓ તેમના જીવનકાળ દરમિયાન અને તે પછીના વિશ્વ માટે પ્રેરણાદાયી છે.'' પીસ ફંડના પ્રમુખ અરવિંદ વોરાએ તેમના વક્તવ્યમાં શાંતિને પ્રોત્સાહન આપવા ફ્રીપોર્ટ સ્કૂલ સાથેની ૧૫ વર્ષની ભાગીદારીની પ્રશંસા કરી હતી. તેમણે ૧૯૯૪ થી શાંતિ ફંડ સંસ્થાના સંક્ષિપ્ત ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે, શાંતિ ફંડ સંસ્થા શાળાના યુવાનો દ્વારા એવી માન્યતા સાથે કામ કરી રહી છે કે શાંતિ નાની ઉંમરથી શરૂ થાય છે. આ પ્રસંગે ડો.કેસીઆનો, ડો.એલીસ કેન, આસી. શાળાઓના અધિક્ષક અને ઘણા વિદ્યાર્થીઓએ પીસ ફંડના મહત્વના કાર્યને . નિહાળ્યું હતું.

# સિમાંત અને નાના મોટા ખેડૂતોને શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવાનું કામ ખેતી બેંકે કર્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૨૮ જૂનના રોજ કેન્દ્રિય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંક) ની ૭૦ મી સાધારણ સભાને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધિત કરી હતી.

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે ખેતી બેંકના સભાસદો અને ખાતેદારોને મળીને આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દેશ જયારે આઝાદીના અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે ૨૫ વર્ષ પછી શતાબ્દી મહોત્સવના સમયે દેશ ક્યાં હશે તે લક્ષ્ય સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ×સહકાર સે સમૃદ્ધિ× નો સંકલ્પ સમગ્ર દેશ સમક્ષ રાખ્યો છે. દેશની આર્થિક ઉન્નતિ અને સમૃદ્ધિમાં યોગદાનની જવાબદારી સહકારી ક્ષેત્રને સોંપી છે. તેઓએ ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧ માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે ખેતી બેંકના તમામ સભાસદો, ખેડૂતો, ખાતેદારો અને સહકારી આગેવાનોને શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી શાહે કહ્યું હતું કે ૧૯૫૧ માં ખેતી બેંકની સ્થાપનાનું ઐતિહાસિક મહત્વ રહેલું છે. તે સમયે સૌરાષ્ટ્રમાં નાના મોટા ૨૨૨ રજવાડાઓ હતા અને બધી જમીનની માલિકી રાજાઓની હતી. ખેડૂતો રાજા વતી ખેતી કરીને ગુજરાન ચલાવતા હતા. ત્યારબાદ આદરણીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નોના પરિણામે રજવાડાઓનું વિલીનીકરણ થયું અને ભારતીય સંઘ અસ્તિત્વમાં આવ્યો. આ વખતે જમીનો માટે ખેડૂતો પાસે નાની - મોટી રકમ ચૂકવવા પૈસા ન હતા. એ સમયે પોરબંદરના યુવરાજ ઉદયભાણસિંહજી આગળ આવ્યા અને સરદાર સાહેબની પ્રેરણાથી સૌરાષ્ટ્ર લેન્ડ મોર્ગેજ બેંકની સ્થાપના કરી લોન આપી ૫૬ હજાર જેટલા ખેડૂતોને જમીનોના માલિક બનાવ્યા. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતો જમીનોના માલિક બન્યા તેનો સમગ્ર શ્રેય ખેતી બેંકને જાય છે. ખેતી બેંકે આ ઉપરાંત જમીન સમતલ કરવી, સિંચાઈની સગવડતા, કૂવા બનાવવા, ખેતી માટેના સાધનો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા ખેતી અને ખેડૂતોને મજબૂત બનાવવાની કાર્ય કર્યું છે. કેટલાય સિમાંત અને નાના મોટા ખેડૂતોને શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવાનું કામ ખેતી બેંકે કર્યું છે. ગુજરાતમાં કૃષિક્ષેત્ર ખેતી બેંક ખૂબ મોટું યોગદાન રહેલું છે.

શ્રી શાહે ઉમેર્યું હતું કે દેશને અનાજ માટે આત્મનિર્ભર બનાવવા પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ કરેલા આહવાન માટે પણ ખેતી બેંકે અમૂલ્ય યોગદાન આપ્યું છે. નાબાર્ડની રચના બાદ ખેતી બેંકનું સ્વરૂપ બદલાયું છે હવે તે કુટીર ઉદ્યોગ, સ્વ રોજગાર સહિત અનેક પ્રકારની લોન પ્રદાન કરે છે. સમગ્ર દેશમાં કૃષિ ધિરાણના ક્ષેત્રમાં ખેતી બેંક ખૂબ મોટું નામ ધરાવે છે. ૧૭ જિલ્લા ઓફિસ અને ૧૭૬ શાખાઓના માધ્યમથી ૮,૪૨,૦૦૦ ખેડૂતોને ૪૫૪૩ કરોડના ઋણ દ્વારા સશક્ત આધાર પૂરો પાડ્યો છે. શ્રી શાહે ખેતી બેંકના બેલેન્સ શીટના તમામ પેરામીટર અંગે ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે રિઝર્વ બેંક અને નાબાર્ડ દ્વારા સૂચવેલ તમામ પાસાઓમાં ખેતી બેંકનું ઉત્તમ પ્રદર્શન રહ્યું છે. શ્રી ડોલરભાઈ કોટેચા અને શ્રી ફલજીભાઈના નેતૃત્વમાં ધિરાણના દર ૧૨ - ૧૫ ટકા થી ઘટાડીને ૧૦ ટકા અને અનેક બેંકિંગ ચાર્જીસ ઘટાડીને ખેડૂતોને સક્ષમ બનાવવા મક્કમ પ્રયત્નો કર્યા છે.

શ્રી શાહે કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિન નિમિતે ૨૭ હજાર ખાતેદારોનું ૫,૭૧,૬૬૬ રૂ. પ્રીમિયમ ભરીને એક્સિડન્ટ વીમો લઈને ખેતી બેંકે સ્તુત્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે. ૨૫ લાખના ચેક દ્વારા દીકરીઓને સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ સુરક્ષિત ભવિષ્ય માટેના આવકારદાયક પગલાં માટે જી.એ.સી., એ. ડી.સી. અને ખેતી બેંકને શ્રી શાહે અભિનંદન પાઠવ્યા હતા. શ્રી શાહે કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં બેંકિંગ ક્ષેત્રમાં અનેક સુધારાઓ કરવામાં આવ્યા છે. ૪૫ કરોડ નવા જન ધન ખાતા, ૩૨ કરોડ રૂપે ડેબિટ કાર્ડ અને યુ.પી.આઇ. ડિજિટલ ટ્રાન્જેકશન દ્વારા બેંકિંગ સેવાઓનો લાભ દેશના પ્રત્યેક નાગરિકને આંગળીનાં ટેરવે મળી રહ્યો છે. ચીસ ડીબીટીના માધ્યમથી કેન્દ્ર સરકારના ૫૨ મંત્રાલયો ૩૦૦ જેટલી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડી રહ્યા છે. આ ક્ષેત્રમાં ખૂબ ટુંકા સમયમાં સહકારી ક્ષેત્રને પણ પ્રવેશ મળશે તેવો ભરોસો શ્રી શાહે આપ્યો હતો.

શ્રી શાહે અંતમાં ખેતી બેંક ડોલરભાઈ કોટેચાના નેતૃત્વમાં મજબૂત ઈમારત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના ×સહકાર સે સમૃદ્ધિ× સંકલ્પને સિદ્ધ કરવા સાથે મળીને સામૂહિક પ્રયત્નો માટે આહવાન કર્યું હતું.

આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે ખેતી બેંકનું આ આયોજન અને દીકરીઓ માટે સુકન્યા સમૃદ્ધિ યોજના અન્વયે પ્રીમિયમ ભરવું સમગ્ર રાજ્ય માટે ઉદાહરણરૂપ કાર્ય છે. સરકાર અને સહકાર સાથે મળીને કામ કરે તો લોકો સુધી અકલ્પનીય લાભો પહોંચાડી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત છે. સહકારી ક્ષેત્રે સમગ્ર દેશને ગુજરાતે દિશા દર્શન કર્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના સહકારી મોડેલને ધ્યાનમાં રાખીને તેનો લાભ સમગ્ર દેશને મળે તે માટે ઇતિહાસમાં પ્રથમ વખત સહકારી મંત્રાલયની સ્થાપના કરી અને તેનું દાયિત્વ શ્રી અમિતભાઇ શાહને સોંપ્યું. શ્રી અમિતભાઇ શાહના સહકારી ક્ષેત્રના અનુભવોના પરિણામે તેમાં ઉત્કૃષ્ટ પરિણામો મળી રહ્યા છે. તેઓએ કહ્યું કે ૩૧૧ જેટલી સહકારી સંસ્થાઓમાં ભાજપાના પ્રતિનિધિઓ જવાબદારી સંભાળી રહ્યા છે જેને લીધે સહકારી ક્ષેત્રનો સડો દૂર કરવામાં મહત્તમ સફળતા મળી છે. ભાજપા દ્વારા આ સંસ્થાઓના માધ્યમથી લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવા પ્રમાણિક પ્રયત્નો થઇ રહ્યા છે.

આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભરતભાઈ બોઘરા, શ્રી જયંતીભાઈ કવાડીયા, પ્રદેશ ભાજપા મહામંત્રીશ્રીઓ સર્વેશ્રી રજનીભાઇ પટેલ, શ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, ઇફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, જીએસી બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ, પ્રદેશ ભાજપ સહકારી સેલના સંયોજકશ્રી બીપીનભાઈ પટેલ, ખેતી બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા સહિત ડિરેકટરશ્રીઓ, સભાસદો, ખાતેદારો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્ર સરકારની ગુજરાતના નાગરીકોને વધુ એક ભેટ ગુજરાતમાં રૂ.૩૭૬૦.૬૪ કરોડના ખર્ચે ૩૪ જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો મંજૂર -માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી

માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યુ છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના નાગરીકોને પરિવહન સુવિધાઓનો વધુને વધુ લાભ મળે તે માટે ગુજરાતમાં રૂ?. ૩૭૬૦.૬૪ કરોડના ખર્ચે નવા ૩૪ જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો મંજૂર કર્યા છે. ગુજરાતના નાગરીકો વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નિતીન ગડકરીનો મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો છે.

મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદીએ ઉમેર્યુ કે, ભારત સરકાર દ્વારા રાજયમાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો માટેનો વર્ષ ૨૦૨૨-૨૩નો રૂ?. ૩૭૬૦.૬૪ કરોડનો વાર્ષિક પ્લાન મંજૂર કર્યો છે. જેમાં રૂા.૨૫૧૧.૧૦ કરોડના રસ્તાના બાંધકામ અને નવા બ્રીજના બાંધકામો તેમજ રૂ?. ૧૨૪૯.૫૪ કરોડના પ્રી-કન્સ્ટ્રકશન એક્ટીવીટીના કામો હાથ ધરાશે. આ રસ્તાઓમાં નદીઓ ઉપર બ્રીજ, રેલવે ફાટક ઉપર આર.ઓ.બી/આર.યુ.બીનુ નિર્માણ કરાશે, જેના થકી ફાટક-મુક્ત ગુજરાતના નિર્માણ થશે.

તેમણે ઉમેર્યુ કે, આ વાર્ષિક પ્લાનમાં રૂા. ૩૫૦ કરોડના ખર્ચે નારોલ જંક્શનથી ઉજાલા જંક્શન સુધીના ૧૨.૮ કી.મી.ના હયાત રસ્તાને વિકસાવવામાં આવશે. જે અંતર્ગત નારોલ જંકશનથી વિશાલા જંકશન વચ્ચેના છ-માર્ગીય રસ્તાને આઠ માર્ગીય રસ્તા તરીકે વિકસાવવામાં આવશે, તેમજ હયાત સાબરમતી નદી પરના પુલન છ-માર્ગીય બનાવાશે. આ ઉપરાંત રૂા.૧૨૮ કરોડના ખર્ચે વિશાલા જંક્શનથી ઉજાલા જંક્શન વચ્ચેના ૫.૨૮ કી.મી.ની ચાર-માર્ગીય લંબાઇના રસ્તાને છ-માર્ગીય બનાવી એલીવેટેડ કોરીડોર પ્રકારની સુવિધા ઉપલબ્ધ બનાવાશે. આ ઉપરાંત રૂા. ૧૧૦ કરોડના ખર્ચે સરખેજ – ગાંધીનગર હાઇવે પર ઇસ્કોન ફ્લાઇઓવરથી સાણંદ ફ્લાય-ઓવર વચ્ચે ૪ કી.મી. લંબાઇ ૩ એલીવેટેડ ફ્લાય-ઓવરનુ નિર્માણ કરાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રૂા. ૨૫૭ કરોડના ખર્ચે મહુવાથી અમરેલી વચ્ચે બાધડા સુધીના ૫૦.૪૮ કી.મી.ના ૧૦ મીટર પહોળા રસ્તાનુ નિર્માણ કરાશે. જેના પર ૨(બે) રેલવે ઓવરબ્રિજ અને નવા પુલીયાનુ નિર્માણ થશે. આ રોડ પર ૧૦૦ કી.મી.ની સ્પીડ સુધી વાહનો દોડી શકશે. આ ઉપરાંત રૂા. ૪૫૧.૫૦ કરોડના ખર્ચે બાધડા – અમરેલીના ૫૦.૪૮ કી.મી.નો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેમા અમરેલી બાયપાસ તેમજ બગસરા જવા માટે નદીના પુલ તથા રેલવે ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે.

આ ઉપરાંત રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ભિલોડા – શામળાજી નેશનલ હાઇવે ૧૬૮-૨ નો નવો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેના પર નવા નાના પુલ તથા ભીલોડા બાયપાસનુ નિર્માણ કરાશે. તે જ રીતે આહવા-સાપુતારા નેશનલ હાઇવે-૯૫૩ માર્ગને પણ ૧૦ મીટર પહોળો બનાવી હયાત રસ્તાનુ અપગ્રેડેશન કરાશે. વધુમાં રૂા. ૨૫૦ કરોડના ખર્ચે જામનગર – કાલવાડ નેશનલ હાઇવે-૯૨૭-ઙ ને ચાર લેન રસ્તો બનાવાશે. જે માટે જમીન સંપાદન તેમજ જંગલ વિસ્તારની મંજૂરીની પ્રક્રિયાઓ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્યના નાગરીકોને યાતાયાતની સુવિધાઓમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે છેલ્લા ૬ માસમાં રાજ્યના ૩૩ જિલ્લાઓમાં રૂા.૧૨,૨૦૦ કરોડના ખર્ચે વિવિધ માર્ગ નિર્માણ-વિકાસના કામોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણના કામોની કામગીરી પ્રગતી હેઠળ છે.

તેમણે ઉમેર્યુ કે, ભારત સરકાર દ્વારા આ કામગીરી માટેના ડી.પી.આર. કન્સલટન્ટની નિમણૂંક પણ કરવામાં આવી છે અને એ માટે વિગતવાર સર્વેની કામગીરી હાલ પ્રગતિમાં છે.

# સાણંદ બાર એસોસિયેશન ને વોટર કુલર અને આર.ઓ.ની ભેટ અપાઈ. સરકારી વકીલોનો વિદાય સમારંભ યોજાય



સિનિયર એડવોકેટ સ્વ. કાંતિભાઈ મંગુભાઈ પંડિત ના સ્મરણાર્થે તેમના પુત્ર એડવોકેટ જીતેન્દ્રભાઈ કાંતિભાઈ પંડિત દ્વારા સાણંદ બાર એસોસિએશનને વોટરકુલર અને આર.ઓની ભેટ તેમજ સરકારી વકીલોનો વિદાય સમારંભ યોજાયો. કહેવાય છે ને કે મોરના ઈંડા ચીતરવા ના પડે બસ એજ રીતે જેમ સ્વ. કાંતિભાઈ મંગુભાઈ પંડિત (એડવોકેટ) દ્વારા અથાગ પરિશ્રમ અને સેવા મહાયજ્ઞ કર્યો હતો એમ જ હવે તેમના પુત્ર સિનિયર એડવોકેટ જીતેન્દ્રભાઈ કાંતિભાઈ પંડિત પણ એજ રસ્તે ચાલી રહ્યા છે. સાણંદ બાર એસોસિએશનમાં છેલ્લા ઘણાં સમયથી ઠંડા પાણી તેમજ આર.ઓ ની વ્યવસ્થા માટેની વકીલોની માંગણી હતી જે પૂર્ણ કરવાનો સંકલ્પ જીતેન્દ્રભાઈ પંડિતે કરેલ હતો તે સંકલ્પ અમદાવાદ ડિસ્ટ્રીક જજ શ્રી ડી.એમ વ્યાસ સાહેબ, સાણંદના મુખ્ય જજ સાહેબ શ્રી જે.જે પંડ્યા સાહેબ, શ્રી કે.પી. પાંચોડે સાહેબ, શ્રી આર.બી. જોશી સાહેબ, શ્રી પી. એસ. રાઠોર સાહેબ અને શ્રી બી. એમ. રાજ સાહેબ ની હાજરીમાં પૂર્ણ કર્યો. સાથે સાથે સાણંદ કોર્ટમાં છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા સરકારી વકીલ શ્રી બી.એમ. પટેલ સાહેબ અને શ્રી એસ. વી. રાણા સાહેબ નો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સાણંદ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી સંજય વાઘેલા, ઉપ પ્રમુખ શ્રી હરિશ્ચંદ્રસિંહ ચૌહાણ, જોઈન્ટ સેક્રેટરી શ્રી ઉમંગ પરીખ તથા સમગ્ર સાણંદ બાર એસોસિએશનના સિનિય જુનીયર વકીલ મિત્રો હાજર રહ્યા હતા.

## ધાનેરા તાલુકા ભાજપ પ્રમુખનો ભ્રસ્ટાચાર

# દબાણ ની જગ્યા ના ખોટા પુરાવા ઉભા કરી ને વેચાણ લેખ પણ કરી દીધો

અત્ર તત્ર સર્વત્ર જ્યાં જુઓ ત્યાં ભ્રસ્ટાચાર પરંતુ અહીં તો ભાજપ નો ભ્રસ્ટાચાર છાપરે ચડી ને પોકારે છે એનું કારણ છે કે છેલ્લા કેટલાક સમય થી ધાનેરા તાલુકા પંચાયત દ્વારા તાલુકા ના અલગ અલગ ગામો માં દબાણ હટાવ વામાં આવી રહ્યા છે પરંતુ આ દબાણ ફક્ત ગરીબો ના કે હટાવા માં આવે છે

જયારે બીજી તરફ અમીરો અને રાજકારણીઓ ના દબાણ બાબતે અરજીઓ અને રજૂઆતો કરવામાં આવે છે તે છતાંય તંત્ર ચુપકીદી સેવી રહ્યું છે

ધાનેરા તાલુકા ના માલોત્રા ગામ માં ધાનેરા તાલૂકા ભાજપ પ્રમુખ દબાણ ની જગ્યા ના ખોટા દસ્તાવેજ ઉભા કરીને પોતાના મળતિયાં ના નામે જમીન કરીને ખોટી રીતે એ જગ્યા નું વેચાણ પણ કરી દીધું આ અંગે કેટલાક જાગૃત નાગરિત દ્વારા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માં વારંવાર લેખિત અરજી દ્વારા જાણ કરવામાં આવતા આ દબાણ વાળી જગ્યા ખુલ્લી કરવા માટે હુકમ પણ કરવામાં આવેલ પરંતુ દબાણ કર્તા તાલુકા ભાજપ પ્રમુખ હોવા થી હુકમ ને ધોળી ને પી ગયા

વધુ માં એવુ પણ સાંભળવા મળી રહ્યું છે કે જે જગ્યા એ દૂધ મંડળી દર્શાવા માં આવી છે એ જગ્યા અસલ માં દૂધ મંડળી ની છે જ નહીં પરંતુ ધાનેરા તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા ઉભી કરવામાં આવેલ દબાણ ની જગ્યા છે અને દૂધ મંડળી ની મૂળ માલિકી ની જે જગ્યા છે ત્યાં પ્રાઈવેટ હોસ્પિટલ બનાવી કોઈ ઊંટવેદ્ય મેં બેસાડવામાં આવ્યો ની વિગતો બહાર આવી છે આમ ધાનેરા તાલુકા ભાજપ પ્રમુખ એ મોટા પ્રમાણ માં જમીન કોભાંડ કર્યા હોવાની ચર્ચા એ જોર પકડ્યું છે .અને મંડળી ને બનાવટી કાગળિયા બનાવી ને દબાણ વાળી જગ્યા ઉપર દૂધ મંડળી ચલાવતા હોવાનું જાણવા મળેલ છે તો અંગે સુ જિલ્લા ના સત્તાધીસો કાર્યવાહી કરશે કે પછી તાલુકા ભાજપ પ્રમુખ સાંભળી ને ધાનેરા તાલુકા પંચાયત ના અધિકારીઓ ની માફક અરજીઓ અને હુકમો ની નકલો ને કચરા પેટી માં નાખી........

# આઈ.ટી.આઈ.માં ૩૦ જૂન, ૨૦૨૨ સુધી પ્રવેશ ફોર્મ ભરી શકાશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા સ્કિલ ઈન્ડિયા કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યું છે. દેશના યુવાનો કૌશલ્યવાન બને અને પોતાના કૌશલ્યના આધારે સારી રોજગારી મેળવી શકે, એવા ઉદ્દેશથી કૌશલ્ય આધારિત શિક્ષણને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે. વડાપ્રધાનશ્રીની સ્કિલ ઈન્ડિયાની ઝુંબેશને સફળ બનાવવા માટે રાજ્યની આઈટીઆઈઝ પણ સક્રિય ભૂમિકા ભજવી રહી છે. આઈટીઆઈઝમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો યુવાનોને ઔદ્યોગિક તાલીમ અને કૌશલ્ય પૂરા પાડે છે.

આઈટીઆઈમાં હાલમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આઈટીઆઈ, કુબેરનગર તરફથી મળેલી યાદી અનુસાર ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ ૩૦મી જૂન, ૨૦૨૨ છે. આઈટીઆઈમાં ચાલતા વિવિધ ૪૧થી વધારે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાય છે. ધો.૮, ૯, ૧૦, ૧૨ કે તેનાથી વધારે ભણેલા ઉમેદવારો સંસ્થામાં ચાલતા ૪૧ જેટલા ટ્રેડમાં ઓન-લાઈન પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ ફોર્મ ઓન-લાઇન સંસ્થા ખાતે સવારે ૮.૦થી સાંજે ૮.૦ વાગ્યા સુધી ભરી આપવામાં આવે છે. વધુ માહિતી માટે ૦૭૯-૨૨૮૧૦૬૩૮ ઉપર સંપર્ક કરી શકો છો. યુવાનો વેબસાઈટ: itiadmission.gujarat.gov.in ઉપર જઈને સાયબર કાફે અથવા આપના મોબાઈલ ઉપરથી પણ પ્રવેશ ફોર્મ ભરી શકે છે.

# ભારતીય તટરક્ષક દળ દ્વારા પોરબંદર ખાતે અદ્યતન લાઈટ હેલિકોપ્ટર MK III સ્ક્વૉડ્રન તૈનાત કરવામાં આવી



અમદાવાદ

ઉત્તર પશ્ચિમ તટરક્ષક દળ પ્રદેશને વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવેલા એક મોટા પગલાંરૂપે ૨૮ જૂન ૨૦૨૨ના રોજ પોરબંદરમાં ઁઅ્એર એક્લેવ ખાતે ભારતીય તટરક્ષક દળના મહાનિદેશક ડાયરેક્ટર જનરલ વી.એસ. પઠાનિયા, PTM, TM દ્વારા અદ્યતન લાઇટ હેલિકોપ્ટર (ALH) MKૈ સ્ક્વૉડ્રન તૈનાત કરવામાં આવી છે. આ પ્રસંગે પોરબંદર અને ગુજરાત ક્ષેત્રના વિવિધ સૈન્ય અને નાગરિક મહાનુભાવોએ હાજરી આપીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

સ્ક્વૉડ્રનની નિયુક્તિ સર્ચ એન્ડ રેસ્ક્યૂ (SAR) તેમજ સમુદ્રી દેખરેખના ક્ષેત્રમાં સરકારની "આત્મનિર્ભર ભારત"ની દૂરંદેશીને અનુરૂપ તટરક્ષક દળની આત્મનિર્ભરતા તરફ એક મોટી છલાંગ તરીકે અંકિત થઇ છે. ALH MKૈ હેલિકોપ્ટરોને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેક (HAL) દ્વારા સ્વદેશમાં જ તૈયાર કરવામાં આવ્યા છે જેમાં અદ્યતન રડાર સહિત સૌથી નવીનતમ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમજ ઇલેક્ટ્રો ઓપ્ટિકલ સેન્સર, શક્તિ એન્જિન, સંપૂર્ણ ગ્લાસ કૉકપીટ, ઉચ્ચ તીવ્રતાની સર્ચ લાઇટ, અદ્યતન કમ્યુનિકેશન સિસ્ટમ, ઓટોમેટિક ઓળખ સિસ્ટમ અને સર્ચ એન્ડ રેસ્ક્યૂ હોમર જેવી અન્ય સુવિધાઓથી સજ્જ છે. આ સુવિધાઓ તેમને સમુદ્રી જાસૂસી હાથ ધરવા તેમજ દિવસ અને રાત બંને સમય દરમિયાન જહાજોમાંથી કામ કરતી વખતે પણ વિસ્તૃત રેન્જમાં સર્ચ અને રેસ્ક્યૂ કાર્ય હાથ ધરવા માટે સક્ષમ બનાવે છે. ગંભીર રીતે બીમાર દર્દીઓના સ્થાનાંતરણની સુવિધા માટે આ એરક્રાફ્ટમાં ભારે મશીનગન સાથેના આક્રમક પ્લેટફોર્મ પરથી તબીબી સઘન સંભાળ યુનિટ ધરાવતા સૌમ્ય પ્લેટફોર્મ પર પોતાની ભૂમિકા બદલવાની ક્ષમતા છે. આજદિન સુધીમાં, તેર ALH MK-III એરક્રાફ્ટને તબક્કાવાર રીતે ભારતીય તટરક્ષક દળમાં સમાવવામાં આવ્યા છે અને તેમાંથી ચાર એરક્રાફ્ટને પોરબંદર ખાતે રાખવામાં આવ્યા છે. તેને સેવામાં સમાવવામાં આવ્યા ત્યારથી આજદિન સુધીમાં, આ સ્ક્વૉડ્રને કુલ ૧૨૦૦ કલાક કરતાં વધારે ઉડાન ભરી છે અને દીવના દરિયા કિનારે પ્રથમ રાત્રિ સર્ચ એન્ડ રેસ્ક્યૂ મિશન સહિત સંખ્યાબંધ ઓપરેશનલ મિશનો હાથ ધર્યા છે. યુનિટ કમાન્ડન્ટ સુનીલ દત્ત દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. પોરબંદર ખાતે ક્વૉડ્રનની નિયુક્તિથી ગુજરાત પ્રદેશના સુરક્ષાની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં ભારતીય તટરક્ષક દળની ક્ષમતાઓને મોટો વેગ પ્રાપ્ત થશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.